RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

સાંધ્ય દૈનિક

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

Year : 15, Issue : 41, Dt.29-04-2024 Monday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ઈન્દોરમાં પણ સુરતકાંડથી કોંગ્રેસમાં અસમંજસની સ્થિતિ

## સુરત લોકસભા બેઠક બાદ મધ્ય પ્રદેશની ઈન્દોર બેઠક પરથી કોંગ્રેસના ઉમેદવાર અક્ષય કાંતિ બમે પોતાનું ઉમેદવારી પત્ર પરત ખેંચ્યું: કોંગ્રેસ છોડી ભાજપમાં જોડાયા: આજે નામાંકનપત્ર પરત ખેંચવાનો અંતિમ દિવસ હતો

**મુખ્ય સમાચાર, ઈન્દોર**

સુરત લોકસભા બેઠક બાદ મધ્ય પ્રદેશની ઈન્દોર બેઠકથી કોંગ્રેસને વધુ એક ઝટકો લાગ્યો છે. ઈન્દોર બેઠકથી પરથી કોંગ્રેસના ઉમેદવાર અક્ષય કાંતિ બમે પોતાનું નામાંકન પાછું ખેંચી લીધું છે. એટલું જ નહીં કોંગ્રેસ છોડીને અક્ષય બમ ભાજપમાં જોડાઈ ગયા છે. ભાજપના વરિષ્ઠ નેતા અને મધ્ય પ્રદેશ સરકારમાં કેબિનેટ મંત્રી કૈલાશ વિજયવર્ગીયએ આ માહિતી આપી છે.



ભાજપ નેતા કૈલાશ વિજયવર્ગીય અક્ષય કાંતિ બમ સાથે સેલ્ફી પડાવી કરતા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પડથ પર લખ્યું, પઈન્દોર બેઠકથી કોંગ્રેસના લોકસભા ઉમેદવાર અક્ષય કાંતિ બમ વડાપ્રધાન નરેન્દ્ર મોદી, રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડા, મુખ્યમંત્રી ડો. મોહન યાદવ અને પ્રદેશ અધ્યક્ષ વી.ડી. શર્માના નેતૃત્વમાં ભાજપમાં સ્વાગત છે.થ

ઉલ્લેખનીય છે કે, ઈન્દોર લોકસભા બેઠક પર ચૂંટણી માટે ૨૫મી એપ્રિલ સુધી ઉમેદવારી પત્ર ભરવામાં આવ્યું હતું. આજે (૨૯મી એપ્રિલ) ઉમેદવારી પાછી ખેંચવાનો છેલ્લો દિવસ હતો. કોંગ્રેસને કોઈ સમાચાર મળે તે પહેલા કૈલાશ વિજયવર્ગીયએ આ ઓપરેશન પાર પાડ્યું હતું. ઈન્દોરમાં લોકસભા ચૂંટણી માટે ચોથા તબક્કામાં ૧૩મી મેના રોજ મતદાન થશે.

ઈન્દોર બેઠકથી કોંગ્રેસના ઉમેદવાર અક્ષય કાંતિ બમે ૨૪મી એપ્રિલે ઉમેદવારી નોંધાવી હતી. એફિડેવિટમાં બામે પોતાની કુલ સંપત્તિ ૫૭ કરોડ રૂપિયા હોવાનું જાહેર કર્યું હતું. ખાસ વાત એ છે કે કોંગ્રેસના ઉમેદવાર પાસે કાર નથી. પરંતુ તેઓ ૧૪ લાખ રૂપિયાની ઘડિયાળ પહેરે છે.

અક્ષય કાંતિ બમે ઈન્દોરની ડેલી કોલેજમાંથી સીબીએસઈ બોર્ડનો અભ્યાસ કર્યો છે. પછી તેમણે મુંબઈની સિડનહામ કોલેજ ઓફ કોમર્સ એન્ડ ઈકોનોમિક્સમાંથી બી.કોમ કર્યું. ત્યારબાદ તેમણે ઈન્દોરની પીએમબી આર્ટ એન્ડ લો કોલેજથી એલએલબીનો અભ્યાસ કર્યો છે. આ ઉપરાંત તેમણે શ્રી વૈષ્ણવ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, ઈન્દોરમાંથી એમબીએ અને પિલાનીથી શ્રીધર યુનિવર્સિટીમાંથી મેનેજમેન્ટમાં પીએચડી કર્યું છે.

# આગામી તા.૫ સુધી તાપમાન ઉંચુ રહેશે: પવનનું જોર વધશે


## જાણીતા વેધર એનાલીસ્ટ અશોકભાઈ પટેલની આગાહી: પવન ૧૫ થી ૩૫ કિ.મી.ની ગતિએ ફૂંકાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સૌરાષ્ટ્ર-ગુજરાતમાં છેલ્લા ચારેક દિવસથી તાપમાનમાં વધારો છે અને મામુલી વધઘટ સાથે ઉંચુ તાપમાન યથાવત રહેવાની સાથોસાથ હવે પવનનુ જોર પણ વધવાની આગાહી જાણીતા વેધર એનાલીસ્ટ અશોકભાઈ પટેલે કરી છે.

તેઓએ આજે વાતચીતમાં જણાવ્યું હતું કે આગળ વધતા ઉનાળા સાથે હવે નોર્મલ તાપમાન ૪૧ ડીગ્રી ગણાય છે. મોટાભાગનાં સેન્ટરોમાં મહતમ તાપમાન નોર્મલ છે. તેનાથી એકાદ ડીગ્રી નીચુ નોંધાયુ હતું. રવિવારે અમદાવાદનું મત્તમ તાપમાન ૪૦.૫ ડીગ્રી તથા ગાંધીનગરનું ૩૯.૮ ડીગ્રી હતું તે નોર્મલ કરતાં એક ડીગ્રી નીચુ હતુ જયારે રાજકોટમાં ૪૧.૦૭ ડીગ્રી, ભુજમાં ૪૦.૩ ડીગ્રી, તથા સુરેન્દ્રનગરમાં ૪૧.૧ ડીગ્રી નોર્મલ સ્તરે રહ્યું હતું.

તેઓએ આગામી ૫ મે સુધીની આગાહી કરતા જણાવ્યું હતુકે આ સમયગાળામાં તાપમાનમાં થોડી વધઘટ રહેશે.છતા ૪૦.૪૨ ડીગ્રીની રેન્જમાં રહેવાનું અનુમાન છે. ખાસ કરીને આગાહીના પાછલા દિવસોમાં વિક એન્ડમાં મહતમ તાપમાન ૪૨ કીમીની ઉપલી રેન્જમાં પહોંચી શકે છે.



આગાહીનાં સમય ગાળામાં પવનનું જોર વધુ રહેવાની સંભાવના છે. પવન મુખ્યત્વે પશ્ચિમ તથા ઉતર પશ્ચિમનાં રહેશે અને સામાન્ય ગતિ કરતા વધુ ઝડપનાં પવન ફુંકાશે. ૧૫ થી ૨૦ કીમીની ઝડપે પવન ફુંકાવાની સંભાવના છે. ઝાટકાનાં પવનની ઝડપ ૨૫ થી ૩૫ કીમીની રહી શકે છે.

# ૭મી મેએ ગુજરાત સહિત ૧૨ રાજ્યોમાં બીજા તબક્કાનુ મતદાન

## ૯૪ બેઠક પર ૧૩૫૧ ઉમેદવારો વચ્ચે જંગ: રાજકીય દળોએ ઝંઝાવતી પ્રચાર શરૂ કર્યો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

લોકસભા ચૂંટણીમાં બે તબક્કાનું મતદાન પૂર્ણ થઈ ગયું છે. હવે ત્રીજા તબક્કાનું મતદાન થશે. બે તબક્કાના મતદાન બાદ ૧૯૧ બેઠકો પર ઉમેદવારોનું ભાવિ ઊટખમાં કેદ થઈ ગયું છે. ધીરે-ધીરે ચૂંટણી આગળ વધી રહી છે ત્યારે તમામ રાજકીય દળોએ ઝંઝાવતી પ્રચાર શરૂ કર્યો છે. હવે ૭મી મેના રોજ ૯૪ બેઠકો પર ત્રીજા તબક્કાનું મતદાન પૂરજોશમાં થવાની સંભાવના છે. આ તબક્કામાં ગુજરાત સહિત ૧૨ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ૯૪ લોકસભા બેઠકો માટે મતદાન થશે, જયારે ૧૩૫૧ ઉમેદવારોનું ભાવિ દાવ પર લાગશે. આ તબક્કામાં આસામની ૦૪, બિહારમાં ૦૫, છત્તીસગઢમાં ૦૭, મધ્ય પ્રદેશમાં ૦૯, મહારાષ્ટ્રમાં ૧૧, દાદરા-નગર હવેલી અને દીવ-દમણમાં ૦૨-૦૨ સીટ, કર્ણાટકની બાકી રહેલી ૧૪ સીટ, જમ્મુ-કાશ્મીરની ૦૧ સીટ, પશ્ચિમ બંગાળની ૦૪, ગુજરાતની ૨૫ અને



ઉત્તર પ્રદેશની ૧૦ સીટ પર મતદાન થવાનું છે. ઉલ્લેખનીય છે કે, ગુજરાતની સુરત સીટ પરથી ઈંડિયા ઉમેદવાર મુકેશ દલાલ બિનહરિફ રીતે જીત્યા છે. તેથી ગુજરાતમાં ૨૬ની બદલે ૨૫ સીટ પર જંગ જામશે.


હાલ ત્રીજા ચરણની ચૂંટણીને લઈને રાજકીય દળોએ એડીચોટીનું જોર લગાવ્યું છે. પરંતુ ૧૩ રાજ્યોની ૮૮ બેઠક પર બીજા તબક્કાનું મતદાન ૨૦૧૯ની ચૂંટણી કરતાં ઓછું થયું છે. આ વખતે આ સીટો પર ૬૮.૪૯% મતદાન થયું છે. જ્યાં ત્રિપુરામાં સૌથી વધુ ૭૯.૬૬% મતદાન જયારે ઉત્તર પ્રદેશમાં સૌથી ઓછું ૫૪.૮૫% મતદાન નોંધાયું છે. જો કે, ત્રીજા તબક્કામાં ૭ મેના રોજ ૯૪ બેઠકો પર મતદાન થશે. તો ચાલો જાણીએ કઈ બેઠક પર ક્યા પક્ષની પકડ મજબૂત છે?

સપાના આ ગઢમાં પાર્ટીના વર્તમાન સાંસદ ડિમ્પલ યાદવ પોતાના હરીફોને સાઈકલની રફતાર પર હરાવવા મેદાનમાં છે. ૧૯૯૬થક આ સીટ સપા પાસે છે. અત્યાર સુધી અજેય સાબિત થયેલી મૈનપુરી સીટ પર ભગવો લહેરાવા માટે ભાજપે સ્થાનિક ધારાસભ્ય અને યોગી સરકારમાં પ્રવાસન અને સંસ્કૃતિ મંત્રી ઠાકુર જયવીર સિંહને મેદાનમાં ઉતાર્યા છે. યાદવ અને શાક્ય સમુદાયની મોટી વસ્તી ધરાવતી આ બેઠક પર બસપાએ પૂર્વ ધારાસભ્ય શિવ પ્રસાદ યાદવને મેદાનમાં ઉતાર્યા છે. બદાયું સીટ પર યાદવ પરિવારની વિશ્વસનીયતાની ખરી કસોટી થવાની છે. સપા પ્રમુખ અખિલેશ યાદવે પિતરાઈ ભાઈ ધર્મેન્દ્ર યાદવના બદલે આદિત્ય યાદવને મેદાનમાં ઉતાર્યા છે. જ્યારે ભાજપે વર્તમાન સાંસદ સંઘમિત્રા મૌર્યની ટિકિટ રદ કરીને બ્રજ પ્રદેશ પ્રમુખ દુર્વિજય સિંહ શાક્યને પોતાના ઉમેદવાર બનાવ્યા છે, જયારે BSPએ મુસ્લિમ ખાન પર વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

# ધરતીપુત્રો માટે ખુશખબર, કેન્દ્ર સરકારે ડુંગળીની નિકાસ પરનો પ્રતિબંધ હટાવ્યો, ચૂંટણી ટાણે નિર્ણય

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે મહારાષ્ટ્રમાં ડુંગળીની ખેતી કરતા ખેડૂતોને મોટી અને જરૂરી રાહત આપી છે. કેન્દ્રએ બાંગ્લાદેશ, શ્રીલંકા, ભૂટાન, બહેરીન, મોરેશિયસ અને યુએઈ સહિતના કુલ ૬ દેશોમાં એક લાખ ટન ડુંગળીની નિકાસ કરવાની મંજૂરી આપી દીધી છે.



કેન્દ્રએ મધ્ય-પૂર્વ અને કેટલાક યુરોપિયન દેશોના બજારો માટે ખાસ ઉગાડવામાં આવેલી ૨૦૦૦ ટન સફેદ ડુંગળીની નિકાસને પણ મંજૂરી આપી છે. ગ્રાહક બાબતોના મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે આ દેશોને ડુંગળીની નિકાસ કરતી એજન્સી નેશનલ કોઓપરેટિવ એક્સપોર્ટ લિમિટેડ (NCEL) ઈ-પ્લેટફોર્મ દ્વારા ક્ર કિંમતો પર ઘરેલુ ડુંગળીની ઉપજ મેળવી લીધી છે.

NCEL એ આ દેશોની સરકારો દ્વારા નામાંકિત એજન્સીઓને ૧૦૦ ટકા એડવાન્સ પેમેન્ટના આધારે ડુંગળી સપ્લાય કરી છે. ગયા વર્ષે ૮ ડિસેમ્બરે, કેન્દ્રએ ૨૦૨૩-૨૪માં ખરીફ અને રવિ પાકના ઓછા વાવેતરને ધ્યાનમાં રાખીને અને આંતરરાષ્ટ્રીય બજારમાં વધતી માંગ તેમજ સ્થાનિક જરૂરિયાતને ધ્યાનમાં રાખીને ડુંગળીની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો હતો.

મહારાષ્ટ્રના ડેપ્યુટી સીએમ દેવેન્દ્ર ફડણવીસે નિકાસને મંજૂરી આપવા બદલ પીએમ મોદીનો આભાર માન્યો અને કહ્યું, વિપક્ષ કેન્દ્રના નિર્ણયથી નાખુશ છે. હવે આ મુદ્દો ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકાર પર પ્રહાર કરવા માટે ખોવાઈ ગયો છે. ખેડૂતોના મુદ્દા વિપક્ષ માટે ક્યારેય પ્રાથમિકતામાં નહોતા.

# પૂર્વ વડાપ્રધાનના પૌત્ર અને ભાજપની સહયોગી પાર્ટીના સાંસદનો અશ્લીલ વીડિયો વાયરલ થતાં હડકંપ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ હસન લોકસભા બેઠક પરથી ભાજપ અને જેડીએસના ઉમેદવાર પ્રજ્વલ રેવન્ના સાથે સંકળાયેલા સેક્સ સ્કેન્ડલની તપાસ માટે વિશેષ તપાસ ટીમ બનાવવાનો નિર્ણય કર્યો છે. પ્રજ્વલ રેવન્નાનો કથિત અશ્લીલ વીડિયો સામે આવ્યા બાદ મહિલા આયોગના અધ્યક્ષે સરકારને પત્ર લખીને આ મામલામાં SITની રચના કરવાની માંગ કરી હતી. જેના પર શનિવારે ૨૭ એપ્રિલે સીએમ સિદ્ધારમૈયાએ SIT બનાવવાની સૂચના આપી છે.

પ્રજ્વલ રેવન્ના કેસમાં એસઆઈટીની



રચના વિશે માહિતી આપતા સોશિયલ મીડિયા હેન્ડલ પર લખ્યું હતું કે, સરકારે પ્રજ્વલ રેવન્નાના અશ્લીલ વીડિયો કેસમાં વિશેષ તપાસ ટીમ (એસઆઈટી) બનાવવાનો નિર્ણય કર્યો છે. હસન જિલ્લામાં અશ્લીલ વીડિયો ક્લિપ વાયરલ થઈ રહી છે, જેમાં એવું દેખાઈ રહ્યું છે કે મહિલાઓનું જાતીય શોષણ થયું છે.

આ મામલે મહિલા આયોગના અધ્યક્ષે સરકારને પત્ર લખીને SIT તપાસની માંગ કરી હતી. જે બાદ SITની રચના કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. SITનું નેતૃત્વ ADGP રેન્કના અધિકારી કરશે. જેમાં એક મહિલા એસપી સહિત ૩ એસપી રેન્કના અધિકારીઓનો સમાવેશ કરવામાં આવશે. કર્ણાટકના મહિલા આયોગે જેડીએસ સાંસદ પ્રજ્વલના સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા વીડિયોની નોંધ લીધી હતી અને મુખ્યમંત્રીને પત્ર લખ્યો હતો. આ મામલે સીએમ પાસે એસઆઈટીની રચના કરવાની માંગ કરવામાં આવી હતી. સૂત્રોનું માનીએ તો પ્રજ્વલ રેવન્ના શનિવારે સવારે બેંગ્લોરથી ફ્રેન્કફર્ટ જવા રવાના થયા છે.

પ્રજ્વલ રેવન્ના પૂર્વ પીએમ એચડી દેવગૌડાના પૌત્ર અને કર્ણાટક સરકારના પૂર્વ મંત્રી એચ.ડી. રેવન્નાના પુત્ર છે. તેઓ હસન સીટથી સાંસદ છે અને આ વખતે પણ પાર્ટીએ તેમને હસન લોકસભા સીટ પરથી મેદાનમાં ઉતાર્યા છે.



# કોઠારિયા રોડ પર ભાજપના કાર્યાલયના ઉદ્દઘાટન સમયે ક્ષત્રિય સમાજના યુવાનોએ રૂપાલા હાય હાયના નારા લગાવ્યા

## ભક્તિનગર પોલીસ દ્વારા ૮ યુવાનોની અટકાયત કરાયા બાદ છોડી મુકાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલા સામે રાજ્યભરમાં દિન પ્રતિદિન રોષ વધી રહ્યો છે. શહેરના કોઠારીયા રોડ ઉપર ભાજપના કાર્યાલયના ઉદઘાટન વખતે ક્ષત્રિય સમાજના યુવાનોએ રૂપાલા હાય હાયના નારા લગાવ્યા હતા. આ તકે યુવાનો દ્વારા ક્ષત્રિય અસ્મિતા આંદોલનના બેનર સાથે વિરોધ નોંધાયો હતો. જો કે, આ સમયે ત્યાં ભક્તિનગર પોલીસ મથકના પીઆઇ સહિતનો સ્ટાફ ત્યાં પહોંચી ગયો હતો અને ૮ જેટલા યુવાનોની અટકાયત કરી હતી. જો કે, બાદમાં તેઓને છોડી મૂકવામાં આવ્યા હતા.

રાજકોટમાં આજે સાંજે વોર્ડ નંબર ૧૬માં કોઠારીયા રોડ ઉપર ભાજપના કાર્યાલયનું ઉદ્દઘાટન હતું. આ તકે પુરુષોત્તમ રૂપાલા પણ ત્યાં ઉપસ્થિત રહેવાના હોવાથી




ક્ષત્રિય અસ્મિતા આંદોલનના બેનર સાથે મોટી સંખ્યામાં યુવાનો ત્યાં પહોંચી ગયા હતા. અને રૂપાલા હાય હાયના નારા લગાવ્યા હતા. નારેબાજી કરતા ગજેન્દ્રસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, પુરુષોત્તમ રૂપાલા સામેનો અમારો વિરોધ આજનો નથી. જ્યારથી રૂપાલાએ ક્ષત્રિય સમાજ વિશે અભદ્ર ટિપ્પણી કરી છે ત્યારથી સમાજ રોષમાં છે. અમે કોઈપણ પ્રશાસન કે રાજકારણીના વિરુદ્ધમાં જતા નથી અને સતત વિરોધ દર્શાવી રહ્યા છીએ.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, પુરુષોત્તમ રૂપાલાએ નારી અસ્મિતા અંગે જે કાંઈ પણ ટિપ્પણી કરી છે તેની સામે ક્ષત્રિય અસ્મિતા આંદોલન ચાલી રહ્યું છે. જેથી તે બેનર સાથે યુવાનોએ વિરોધ નોંધાવ્યો હતો. આ વખતે પોલીસે યુવાનોની અટકાયત કરી પરંતુ બાદમાં છોડી મૂકવામાં આવ્યા હતા. અમે ભાજપના મવડીઓ પાસે પુરુષોત્તમ રૂપાલાની ટિકિટ રદ કરવા માટે માગણી મૂકી હતી. જો કે, તે માંગણી સ્વીકારવામાં આવી નથી. જેથી અમે ઘરે બેસવાના નથી. અમે આ વિરોધને મતદાનની તારીખ સુધી લઈ જશું અને લોકસભાની ચૂંટણીમાં ભાજપ વિરુદ્ધ મતદાન કરાવીશું.

# જામનગરના બેડી ગામમાંથી પાકિસ્તાની જાસૂસને પકડી પાડતી ગુજરાત એટીએસ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના બેડી ગામમાંથી પાકિસ્તાની જાસૂસને પકડી પાડતી ગુજરાત એટીએસ.એકંદરે આ ગુનાની તપાસ દરમ્યાન જણાઇ આવેલ છે કે પાકિસ્તાની આર્મી અથવા પાકિસ્તાની જાસુસી સંસ્થાના કોઇ એજન્ટ તથા પાકિસ્તાની નાગરિક કિશોરભાઇ સવાઇ જગદીશકુમાર રામવાણી તથા પાકિસ્તાનમાંથી વોટસએપ નંબર +૯૧ 0000000000 ના વપરાશકર્તાએ તથા મો.નં. 00000000000 ના વોટસએપ એકાઉન્ટનો ઉપયોગ કરનાર ઇસમનાઓએ ભારત સરકાર સામે લડાઇ કરવાનુ કાવતરુ રચી ભારત સરકાર સામે લડાઇ કરવામા પાકીસ્તાની આર્મીને સરળતા કરી આપવાના ઇરાદે મોહમદ સકલૈન ઉમર થઇમ રહે. જામનગરનાઓ દ્વારા સીમકાર્ડ નંબર 00000000નું ખરીદ કરી તે સીમકાર્ડ અસગર આજીભાઇ મોદી રહે. જામનગરનાએ પોતાના



મોબાઇલ ફોનમાં એકટીવેટ કરેલ અને આ સીમકાર્ડ મો.નં. 00000000000 ના વોટસએપ એકાઉન્ટનો ઉપયોગ કરનાર ઇસમે આણંદ જીલ્લાના તારાપુર ખાતે રહેતા લાભશંકર દુર્યોધન મહેશ્વરી નાઓને મોકલાવી તે સીમકાર્ડ નંબર 000000000 માં વોટસએપ એકટિવેટ કરવા માટેનો ઘઝડ મેળવી તે ઘઝડ નંબર લાભશંકરે ઉપરોક્ત મો.નં. 00000000000 ના વોટસએપ એકાઉન્ટનો ઉપયોગ કરનાર ઇસમને મોકલી આપેલ અને ત્યાર બાદ આ મો.નં. વાળાની સુચનાથી લાભશંકરે સીમકાર્ડ નંબર 0000000000 નું પોતાની બહેન સુશીલાબેન મારફતે પાકિસ્તાન ખાતે રહેતા કિશોરભાઇ સવાઇને મોકલી આપેલ. જે સીમકાર્ડના વોટસએપ નંબર +૯૧ 00000000 મારફતે પાકિસ્તાનથી પાકિસ્તાની આર્મી અગર તો જાસુસી સંસ્થાના એજન્ટ દ્વારા ભારતમા કારગીલ, જમ્મુ-કાશ્મિર ખાતે આવેલ એરફોર્સ સ્ટેશન ખાતે સિપાહી તરીકે ફરજ બજાવતા સંતોષકુમાર સિન્ટુ સિતારામ ભાટીયાના મો.નં. 000000000માં 'ઉઽફળ ગામફયિં ૨૦૨૨-૨૦૨૩.ફાસ' નામની શંકાસ્પદ માલવેર/રીમોટ એક્સેસ ટ્રોઝન (વાઇરસ) એપ્લીકેશન મોકલી તેઓના ફોનનો અનધિકૃત રીતે એક્સેસ મેળવી તેઓએ જાણી જોઇને ઇરાદાપૂર્વક ભારતની એકતા, અખંડિતતા, સુરક્ષા અથવા સાર્વભૌમત્વને જોખમમાં નાખવાના ઇરાદે અનધિકૃત રીતે કોમ્પ્યુટર રીસોર્સમાં પ્રવેશ કરેલ હોય તેમજ આ ગુનાહીત કાવતરુ આગળ ધપાવવામાં ગુજરાતના લાભશંકર દુર્યોધન મહેશ્વરી તથા મોહમદ સકલૈન તથા અસગર નાઓએ મદદગારી કરી પકડાયેલ તથા નહી પકડાએલ આરોપીઓ એ ઇ.પી.કો કલમ ૧૨૧-ક, ૧૨૩ તથા ૧૨૦-બી તથા ઇન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટ ૨૦૦૮ ની કલમ ૪૩, ૬૬, ૬૬એફ (૧)(બી) મુજબનો ગુનો કરેલ છે.


આરોપી મોહંમદ સક્લેન ઉમરભાઇ દાઉદ થૈમ ઉ.વ ૨૨ ધંધો નોકરી રહે. ભાડેલા માતમ ચોક ગામ બેડી જામનગર ખાતે રહેતો હતો.

# મોરબીના રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના સેવાયજ્ઞને વધાવતા વિદ્યાર્થીઓ અને વાલીઓ: જુના પુસ્તકોના સ્ટોલ છલકાવી દીધાં

## મોરબી શૈક્ષિક મહાસંઘની પહેલને મોરબીવાસીઓએ વખાણી: બપોર સુધી ૩૫૭ જેટલા જુના પુસ્તકોના સેટ આવતા બે સ્ટોલ મોડી સાંજ સુધી શરૂ રાખવાનો નિર્ણય કરાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી,રાષ્ટ્ર કે હિતમે શિક્ષા, શિક્ષા કે હિતમેં શિક્ષક,શિક્ષક કે હિતમેં સમાજ અને છાત્ર કે હિતમેં કાર્યરત અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ શિક્ષકોના પ્રશ્નોની સાથે સાથે રક્તદાન કેમ્પ, વૃક્ષારોપણ, માતૃશક્તિ વંદના, કર્તવ્યબોધ દિવસ ઉજવણી, ગુરુ વંદના,વર્ષ પ્રતિપદાની ઉજવણી જેવા કાર્યક્રમો કરે છે.એવીજ રીતે શૈક્ષિક મહાસંઘ દ્વારા વધુ એક સેવાયજ્ઞ કરવામાં આવ્યો જેમાં રવિવારના રોજ સ્વામીનારાયણ મંદિર નવા બસ સ્ટેન્ડ, મોરબી, કેપિટલ માર્કેટ રવાપર ચોકડી, અને મહારાણા પ્રતાપ સર્કલ,સામાં કાંઠે,મોરબી-૨ ખાતે શૈક્ષિક મહાસંઘના કાર્યકર્તાઓ સ્ટોલ બનાવી સવારના ૮.૦૦ વાગ્યાથી બપોરના ૧૨.૦૦ વાગ્યા સુધી ત્રણેય સ્ટોલ પર ઉભા


રહી,ધો ૩ થી ૧૨ ના જુના પુસ્તકો એકત્ર કર્યા,આ એકત્ર કરેલા જુના પુસ્તકો જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ માટે જુદી જુદી શાળાઓમાં અર્પણ કરવામા માટે મોરબીની જનતાને આહવાન કરતા જણાવ્યું હતું કે આપના બાળકના જુના પુસ્તકો બિલકુલ નજીવી કિંમતે પસ્તીમાં ન આપતા ઉપરોક્ત સ્ટોલમાં જમા કરાવી સન્માન પત્ર મેળવી અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના સેવાયજ્ઞમાં સહભાગી બનવા અપીલ કરાઈ હતી જેના પગલે બપોર સુધીમાં ત્રણ સ્ટોલ પર ૩૫૭ જેટલા જુદા જુદા ધોરણના સેટ દાન રૂપે પ્રાપ્ત થયેલ હતા એ પૈકી ૧૨૮ જેટલા સેટ સ્થળ પરથી જ જરૂરીયાતવાળા વિદ્યાર્થીઓ જેવા કે સાફ સફાઈ કરતા સેવાકર્મીના સંતાનો,આર્થિક જરૂરિયાત વાળા બાળકોને અર્પણ કરેલ હતા.મોરબીની દાન પ્રિય જનતા તરફથી આ મુહિમને બહોળો પ્રતિસાદ પ્રાપ્ત થતા સ્વામિનારાયણ મંદિર નવા બસ સ્ટેન્ડ પાસેનો અને રાણા પ્રતાપ સર્કલ-મોરબી-૨ ના બંને સ્ટોલ મોડી સાંજ સુધી ચાલુ રાખવાનો નિર્ણય કરાયો છે,આ કાર્યમાં પુસ્તક દાનપેટે આપનાર દાતાઓ અને સેવાયજ્ઞમાં સેવા આપનાર કર્મયોગીનો અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા આભાર પ્રકટ કરવામાં આવેલ છે.

# મોરબીમાં વિનય ઈન્ટરનેશનલ તથા ગ્રીનવેલી સ્કૂલ ખાતે ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ દ્વારા ફાયર સેફટી અંગે ડેમોસ્ટ્રેશન કરાયું

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસનાં ફાયર સ્ટાફ દ્વારા ફાયર સેફટી જાગૃતિ હેતુસર વિનય ઇન્ટરનેશનલ સ્કૂલ રવાપર ઘુનડા રોડ ૧૪૫૦ વિદ્યાર્થી, ગ્રીનવેલી સ્કૂલ લજાઈ ૪૪૦ એમ ટોટલ ૧૮૯૦ + વિદ્યાર્થી અને સ્કૂલના શિક્ષક સ્ટાફને ફાયર ડેમોન્સ્ટ્રેશન અને ટ્રેનિંગ સ્કુલ પર જઇને આપવામાં આવી હતી.




ખાસ ટ્રેનીંગમાં લાઈફ જેકેટ અને લાઈફ રીંગનું મહત્વ સમજાવવામાં આવ્યું કે જે વડોદરા જે હરણી તળાવમાં બાળકો ડૂબી જવાની ઘટના બનેલ જો તેમાં બધાં વિદ્યાર્થીઓને લાઈફ જેકેટ પહેરાવેલ હોત તો બધાં બાળકોનો જીવ બચી જાત આગ લાગવાના કારણો, આગના પ્રકારો, કેવા કેવા પ્રકારની આગ લાગી શકે? આગથી કેવી રીતે બચી શકાય? આગની સામે કેમ રક્ષણ મેળવી શકાય, આગ કે અન્ય અકસ્માતમાં ફસાઈ જાય તો પોતાનો સ્વ બચાવ કેવી રીતે કરવો અને અન્યને પણ બચાવીને બહાર કેવી રીતે કાઢવા તે અંગે માર્ગદર્શન આપેલ. તેમજ ત્રશયિ યક્ષ્રિંક્ષલીશતવયિ (અગ્નિશામક યંત્ર)નો ઉપયોગ કેવી રીતે કરવો તે પદ્ધતિસર સમજાવ્યું. ત્યારબાદ અગ્નિશામક યંત્રના ઉપયોગનો લાઈવ ડેમો રાખેલ હતો.

મોરબી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ કેવી કેવી કામગીરી કરે છે અને કોઈ પણ પ્રકારની આગ લાગે ત્યારે અને રેસ્ક્યુ વખતે ઈમરજન્સી કોન્ટેક્ટ ૧૦૧ નંબર પર ફોન કરીને ફાયર સ્ટેશનનો સંપર્ક કરી શકાય છે.

ઉપરાંત તેમણે જણાવ્યું હતું કે કોઈ પણ શૈક્ષણિક સંકુલ, સોસાયટી, હોસ્પિટલ કે બહુમાળી ઈમારતો માં આવા ફાયર સેફ્ટી જાગૃતિના હેતુસર ફ્રી (નિશુલ્ક) લાઈવ ડેમો અને ટ્રેનિંગ માટે મોરબી જિલ્લા સ્ટેશન ફાયર ઓફિસર શ્રી દેવેન્દ્રસિંહ જાડેજા (૯૯૭૯૦ ૨૭૫૨૦) લીડિંગ ફાયરમેન શ્રી જયેશ ડાકી (૯૭૩૭૪ ૦૩૫૧૪) તેમજ ફાયર સ્ટેશનનો સંપર્ક કરવા જણાવાયુ હતું.

# એશિયાના એક સમયનો મહત્વનો ગણાતો મોરબીનો ઘડીયાળ ઉદ્યોગ મરણ પથારીએ: જીએસટીનો સ્લેબ ઘટાડી ઉદ્યોગોને પ્રાણવાયુ આપવા સરકારને આજીજી






**મુખ્ય સમાચાર, ઋષિ મેહતા**

**મોરબી:** મોરબીમાં હાલ ઘડિયાળ ઉદ્યોગ મરણ પથારીએ છે તેવું કહેવામાં જરાય અતિશયોક્તિભર્યું નથી. દેશની આઝાદી પૂર્વથી મોરબીમાં ઘડિયાળ ઉદ્યોગના પાયા નખાયા હતા, મોરબીનુ સૌ પ્રથમ સાયન્ટિફિક ક્લોક ફેક્ટરી મોરબીમાં શરૂ થઇ હતી ત્યારે સમગ્ર વિશ્વના ઘડિયાળ ઉદ્યોગમાં મોરબીનો ડંકો વાગી રહ્યો હતો. ત્યારબાદ અજંતા ગ્રુપ ઘડિયાળ ઉદ્યોગમાં આવતા સમગ્ર એશીયાના ઘડિયાળ ઉદ્યોગમાં મોરબીનો ઘડિયાળ મેન્યુફેકચરિંગમાં પ્રથમ ક્રમાંક હાંસલ કર્યો હતો, ત્યારે આ મોરબીનો ઘડિયાળ ઉદ્યોગ મંદીના અજગરી ભરડામાં આવી ગયું છે. ત્યારે મોરબી ઘડિયાળ મેન્યુફેકચરિંગ કરતા ઉદ્યોગપતિઓ દ્વારા સરકારને વિનંતી કરવામાં આવી છે કે જીએસટીનો સ્લેબ ૧૮% છે તે ઘટાડીને ૧૨% કરી મોરબી ઘડિયાળ ઉદ્યોગને જીવતદાન આપવામાં આવે તેમ જણાવવામાં આવ્યું હતું.


વીઓ:મોરબીનો ઘડિયાળ ઉદ્યોગ છેલ્લા બે-ત્રણ વર્ષમાં મંદીમાં ચાલે છે. જેમાં જોઈએ તો સિઝનનો ગલી ઘટી રહ્યો છે અને મંદીનો ગાળો વધી રહ્યો છે, હાલ લગ્નગાળાની સીઝન પુરી થવા ઉપર હોય ત્યારે જે રીતે ઘડિયાળની ડિમાન્ડ હોવી જોઈએ તે નથી, જીએસટી જ્યારથી અમલમાં આવ્યું ત્યારથી ઘડિયાળ ઉદ્યોગમાં ૧૮%જીએસટી લગાવેલ છે જે ૧૨%ના સ્લેબમાં લાવવા સરકારમાં અનેક વાર રજૂઆતો કરવામાં આવી છે, કારણકે ઘડિયાળ ઉદ્યોગમાં આશરે ૯૦% નાના મેન્યુફેકચરો છે. ગુજરાતમાં તેમાંય મોરબીની વાત કરીયે તો ઘડિયાળ ઉદ્યોગમાં સૌથી વધારે મહિલાઓને રોજગારી પુરી પાડતો ઉદ્યોગ છે. હાલ મોરબી સિવાય દેશના અલગ અલગ મેટ્રો સિટીમાં ઘડિયાળ મેન્યુફેકચરિંગ ઉદ્યોગ ચાલુ થયી ગયો છે ત્યારે જીએસટી યુનીવર્ષણ હોય તો મોરબીથી દશના અલગ અલગ રાજ્યોમાં માલ મોકલવા પ્રોડક્ટ સેફ્ટી કોસ્ટ ૧૦% જેટલી વધી જાય ત્યારે હરીફાઈમાં ટકવું મોરબીના ઘડિયાળ ઉદ્યોગકારો માટે મુશ્કેલ લાગતું જાય છે.

વધુમાં હાલ મોરબી ઘડિયાળ બનાવતા યુનિટોમાં કામ કરતા હજ્જારો કર્મચારીઓને આમ જોઈએ તો બહુ જુના કર્મચારીઓ છે અને તેઓને રોજગારી પુરી પડે તેમજ ઘડિયાળ મેન્યુફેકચરિંગ યુનિટો સાવ બંધ ન કરી સપ્તાહમાં બે દિવસ રજા રાખી ઉદ્યોગ ટકાવી રાખવા ઝઝૂમે છે.

# લોકશાહીના પર્વમાં મોરબીનું BONANZA સલૂન બન્યું સહભાગી: મતદાન કરી પાર્લરમાં આવનાર મહિલાને ૫૦ ટકાનું ડિસ્કાઉન્ટ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લામાં લોકસભાની ચૂંટણી અન્વયે વધુમાં વધુ મતદાન થાય અને મોરબી જીલ્લો મતદાન કરવામાં અગ્રેસર રહે તે માટે હાલ જીલ્લા ચૂંટણી તંત્ર તેમજ મોરબી જીલ્લાના અનેક વેપારી મિત્રો દ્વારા સહિયારા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ત્યારે મોરબીમાં આવેલ ઇઘગઅગણઅ સલૂન દ્વારા મહિલા મતદારોને મતદાન માટે આકર્ષવા ખાસ ઓફર બનાવવામાં આવી છે. જ્યાં મતદાન કરીને પાર્લરમાં આવનાર મહિલાને ૧૦% કે ૨૦% નહીં પરંતુ ૫૦% જેટલું ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.




આ બાબતે મોરબીમાં ઇઘગઅગણઅ સલૂન મોરબીના હેડ પાર્થ સીતાપરાએ જણાવ્યું હતું કે, મોરબીમાં અમે ઇઘગઅગણઅ સલૂન નામે મહિલા બ્યુટી પાર્લર ચલાવીએ છીએ. અમારા ઇઘગઅગણઅ સલૂને હાલ મતદાન જાગૃતિ અભિયાનમાં જોડાયું છે. જે મહિલાઓ મતદાનના દિવસે મતદાન કરીને આવશે અને તેનું પ્રુફ અમને બતાવશે તો અમારા BONANZA સલૂનની રેગ્યુલર સર્વિસીસ જેવી કે, ફેશિયલ હેર સ્પા, હેર કટ વગેરે પર ૫૦% ડિસ્કાઉન્ટ આપવામાં આવશે. અમે આ એક પહેલ કરી છે જેથી કરીને વધુને વધુ મહિલાઓ મતદાન તરફ પ્રેરિત થાય, અને નીરસ ન રહી વધુને વધુ મતદાન કરી લોકશાહીના આ અવસરમાં સહભાગી બને.

મતદાનની પ્રક્રિયામાં સામાન્ય રીતે મહિલાઓનું યોગદાન વધે અને મોરબીની મહિલાઓ લોકસભાની ચૂંટણી અન્વયે અવશ્ય પણે મતદાન કરે તે માટે મોરબીના મહિલા બ્યુટી પાર્લર દ્વારા આ એક અનન્ય પહેલ કરવામાં આવી છે.

# જૂનાગઢના મહામંડલેશ્વર મહેન્દ્રાનંદગીરીજી મહારાજને પ્રયાગરાજ ત્રિવેણી સંગમ ભૂમિ પરથી ગર્ગાચાર્ય પીઠના જગતગુરૂની પદવી એનાયત કરવામાં આવી

## ભારતના સૌથી યુવા જગદગુરુ બનવા બદલ મહેન્દ્રાનંદગિરિજી મહારાજને સંતોએ, ભક્તો અને સેવકગણે અનંત શુભેચ્છા પાઠવી

**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

શ્રી પંચદશનામ જુના અખાડા જૂનાગઢ મુજકુંદ ગુફાના મહંત ૧૦૦૮ શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર મહેન્દ્રાનંદગીરી મહારાજ કે જેઓ ગર્ગાચાર્યની પરંપરા અને સંપૂર્ણ સનાતનની પરંપરાના અનુયાયી છે.તેઓને વૈદિક પરંપરા મુજબ ગુરુ મહારાજ શ્રી મહંત હરિગીરીજી મહારાજ, શ્રી મહંત હરિગીરીજી મહારાજના પૂ , સંતો, મહાત્મા અને તમામ અધિકારીઓની સંમતિ અને હાજરીથી પ્રયાગરાજમાં ત્રિવેણી સંગમની પાવન ભૂમિ પર જગદગુરુની પદવી એનાયત કરવામાં આવી છે.




આ પાવન પ્રસંગે કાશી સુમેરુ પીઠાધીશ્વર જગતગુરુ નરેન્દ્રનંદ સરસ્વતી મહારાજે જણાવ્યું હતું કે મહેન્દ્રાનંદ ગિરિ મહારાજે સનાતન ધર્મને મહામંડલેશ્વર તરીકે અર્પણ કરી અને દેશમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં સનાતન અને હિન્દુ સંસ્કૃતિનો ધ્વજ લહેરાવ્યો છે.ત્યારે તેમની સનાતન ધર્મ પ્રત્યેની નિષ્ઠા ભક્તિ અને ઉત્કૃષ્ટ સેવાને ધ્યાનમાં રાખીને સંત પરંપરા મુજબ તેમને ગર્ગાચાર્ય પીઠના

શ્રી મહંત પ્રેમગીરી મહારાજે જણાવ્યું હતું કે, મહામંડલેશ્વર મહેન્દ્રાનંદ ગીરી મહારાજ જગતગુરુ બનવાથી સમગ્ર વિશ્વમાં સનાતન ધર્મનો ધ્વજ લહેરાશે. જગતગુરુ મહેન્દ્રાનંદ ગિરી મહારાજે જે રીતે સનાતન ધર્મને પોતાનું જીવન સમર્પિત કર્યું છે. તેનાથી લાખો અને કરોડો લોકો પ્રેરણા લઈ રહ્યા છે. અત્યાર સુધીમાં હજારો ગૃહસ્થિઓ તેમની પ્રેરણાથી સન્યાસ લીધો છે.તેમના હજારો શિષ્યો સનાતન ધર્મને મજબૂત કરવા માટે કામ કરી રહ્યા છે. સનાતન ધર્મની સંસ્કૃતિ અને હિંદુઓને એક કરવાની સાથે તેઓ જાતિના ભેદભાવને દૂર કરવા માટે પણ કામ કરી રહ્યા છે. આ જ કારણ છે કે તેઓ તેમના શિષ્યોની ક્યારેય જાતિ જોતા નથી, અને સન્યાસી બન્યા બાદ કોઈ વ્યક્તિની જાતિ હોતી નથી માત્ર સનાતન જ તેમનો ધર્મ હોય છે અને સંસ્કૃતિને ઉજાગર કરવાનું તેમનું કામ હોય છે. સંત માત્ર સમાજ, દેશ અને હિન્દુ ધર્મ પ્રત્યે તેમનું સમર્પણ જુએ છે.ત્યારે મહેન્દ્રાનંદગીરી મહારાજ ગર્ગાચાર્ય પીઠના જગતગુરુ બનવાથી હિંદુ ધર્મ સંગઠિત અને મજબૂત બનશે.

મહર્ષિ ગર્ગાચાર્ય આશ્રમ નગરીયા આહીર આગરા ઉત્તર પ્રદેશના મહંત જગતગુરુ મહેન્દ્રાનંદ ગીરી મહારાજના શિષ્ય ડો. સંન્યાસી ભરદ્વાજનંદગીરીએ જણાવ્યું હતું કે દેવગુરૂ બૃહસ્પતિની ત્રણ પત્ની પૈકી મમતા થી કચ અને ભરદ્વાજ ઋષિ એમ બે પુત્રો થયા અને મહર્ષિ ભરદ્વાજનાં જેઓ ઋગ્વેદ ના છઠા મંડલ ના ૭૬૬ મંત્ર આપ્યા છે તેવા ભરદ્વાજો. માં ઋજિષ્વા, ગર્ગ, નર, પાયુ, વસુ, શાસ, શિરામ્બિષ્ઠ, શુનહોત્ર, સપ્રથ, અને સુહોત્ર નામના વિદ્વાન અને વેદ મંત્ર દ્રષ્ટા પુત્રો થયા હતા.

એ સમયે ગાર્ગારણ્ય ( ગાગરોણ -રાજસ્થાન)નામક એક અરણ્ય મળી આવે છે જે દ્વાપરકાલીન અરણ્ય છે ત્યાં મહર્ષિ ગર્ગાચાર્ય ની તપોસ્થળી હોવાનો ઇતિહાસ મળે છે.ત્યાં પણ પ્રાચીન ગર્ગાચાર્ય પીઠ હોવાનો ઐતિહાસિક પુરાવો મળે છે.મહર્ષિ ગર્ગાચાર્ય જેમના વંશજો શુક્લ વંશી બ્રાહ્મણો તરીકે ઓળખાય છે અને બ્રહ્માજી ના વામાંગી માતા સાવિત્રી ના પુત્રો ગણાય છે તેઓ નો વસવાટ નેપાળ થી હરિયાણા, ઉત્તર પ્રદેશ મામખોર ની આજુબાજુ ના પ્રદેશ માં જોવા મળે છે. હાલ ઉત્તર પ્રદેશ ના આગ્રા થી ૩ કિલોમીટર દૂર આહીરનગરીયા ગ્રામ માં વ્રજગોપેશ્વર મહાદેવ મંદિર યમુનાનદી ના તટ પર યદુવંશ કુલગુરુ મહર્ષિ ગર્ગાચાર્ય નો આશ્રમ પણ આવેલ છે.આજ પરંપરા રાજસ્થાન અને ગુજરાત સુધી માં વિસ્તાર પામેલી જોવા મળે છે ગુજરાત માં મહર્ષિ ગર્ગાચાર્ય ની પીઠ પરંપરા અને ઇતિહાસ પણ જોવા છે જેનું ઉસ્થાન વિકાસ ભવિષ્ય માં થનાર છે.આ ગર્ગાચાર્ય પરંપરા ના આચાર્ય થયેલા છે તેમાંના એક આચાર્ય એ વર્તમાન ના અગ્રવાલ સમાજ ને સાડા સત્તર(૧૭.૫)ગોત્ર આપેલ છે.આ પરંપરા નો વ્યાપ જ્યાં જ્યાં માં સરસ્વતી નું વહેણ હતુ ત્યાં ત્યાં સમૃદ્ધ હતી અને હાલ પણ આ પરંપરા માં વિદ્વાન બ્રાહ્મણો સનાતન ધર્મ નો પ્રચાર પ્રસાર કરતા જોવા મળે છે.હાલ આ પરંપરા ના જગદગુરુ ગર્ગાચાર્ય સ્વામી શ્રી મહેન્દ્રાનંદગીરીજી આચાર્ય ઘોષિત થયા છે...

# જામનગરમાં ક્ષત્રિય સમાજની મહિલાઓની ઉપવાસ છાવણીની મુલાકાત કરતા મેવાણી

## અમે પૂરી તાકાથી ક્ષત્રિય સમાજ સાથે છીએ- મેવાણી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર લોકસભા બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર જે.પી.મારવીયાના ચૂંટણી પ્રચાર માટે વડગામના ધારાસભ્ય જિગ્નેશ મેવાણી જામનગર પહોંચ્યા હતા. મેવાણીએ ભાજપ અને જામનગર ભાજપના ઉમેદવાર પર પ્રહાર કરતા કહ્યું હતું કે, જામનગરમાં ભાજપની આ વખતે 'પૂનમ' નથી અમાસ છે. સાથે કહ્યું કે, કોંગ્રેસના ઉમેદવાર જનતાના ફાળાના પૈસે ચૂંટણી લડી રહ્યા છે જ્યારે સામે કંપનીના પૈસાથી ચૂંટણી લડનારા ઉમેદવાર છે.જામનગરમાં કોંગ્રેસ દ્વારા જિલ્લા પંચાયતના નેતા વિપક્ષ જે.પી.મારવીયાને લોકસભાના જંગમાં ઉતાર્યા છે. જેના




સમર્થનમાં આજે વડગામના ધારાસભ્ય જિગ્નેશ મેવાણી જામનગર પહોંચ્યા હતા. જામનગરમાં મેવાણીએ ભાજપ પર પ્રહાર કહ્યું હતું કે, જામનગરમાં એક તરફ કંપનીના ઉમેદવાર છે. બીજી તરફ જામનગરના સામાન્ય નાગરિકોના પ્રતિનિધિ છે. જેપી ભાઈ ભારે લીડથી જીતશે તેવી મને આશા છે. જામનગરમાં ભાજપની આ વખતે 'પૂનમ' નથી અમાસ છે.મેવાણી કહ્યું કે, પરસોત્તમ રૂપાલાએ મહિલાઓ વિરુદ્ધ જે નિવેદન કર્યું તે હું નથી માનતો કે ક્ષત્રિય સમાજ વિરુદ્ધ છે. સમગ્ર ગુજરાત અને ભારત ભૂમિની તમામ બહેનો અને માતાની વિરુદ્ધ છે. ગુજરાતના ક્ષત્રિય સમાજમાં ખૂબ રોષ છે. મેવાણીએ જામનગરમાં ક્ષત્રિય સમાજની મહિલાઓની ઉપવાસ છાવણીની મુલાકાત કરી હતી

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# રાજકોટમાં સરકારી કર્મચારીઓએ પોસ્ટલ બેલેટ દ્વારા પોતાના મતાધિકારનો પ્રયોગ કર્યો





(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ચૂંટણીપંચ દ્વારા આ વખતે લોકસભાની ચૂંટણીમાં સૌ પ્રથમવાર પોસ્ટલ બેલેટ માટે એક્ષચેંન્જ મેળાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં પ્રથમ એક્ષચેંન્જ મેળો ગત તા.૧૫ના અમદાવાદ ખાતે યોજાયો હતો. અગાઉ સરકારી કર્મચારીઓના મતદાનના પોસ્ટલ બેલેટ પોસ્ટ મારફત મોકલાતા હતા પરંતુ આ વખતે સૌ પ્રથમવાર આ પ્રકારનો મેળો આયોજીત કરવામાં આવી રહ્યો છે. આ મેળા મારફતે અન્ય જીલ્લાના કર્મચારીઓ કે જેઓ ચૂંટણી ફરજ માટે રાજકોટ મૂકાયેલ છે તેવા કર્મચારીઓએ આજે પોસ્ટલ બેલેટ મતદાનનો લાભ લીધો હતો. આ મતદાન આજે ચૌધરી હાઈસ્કુલ ખાતે યોજાયું હતું.

રાજકોટથી અન્ય સ્થાનો પર ફરજમાં મુકાયેલા કર્મચારીઓના બેલેટ અન્ય જીલ્લાઓમાં મોકલાશે. રાજકોટમાં અન્ય જીલ્લાના ૧૫ હજાર જેટલા કર્મચારીઓ પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન કરશે. જયારે રાજકોટથી બહાર ફરજ માટે ગયેલા ૭૦૦૦થી વધુ કર્મચારીઓ તેમના ફરજના સ્થળે મતદાન કરશે. આ તમામ કર્મચારીઓના પોસ્ટલ બેલેટ મતદાન બાદ સૌથી છેલ્લે તા.૧૧ના એકત્રિત કરાશે. ચૂંટણી પંચ દ્વારા ચૂંટણીમાં વધુમાં વધુ મતદારો ભાગ લઈ શકે તે માટે તમામ પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે. હાલમાં હજારો-લાખો કર્મચારીઓ અને સુરક્ષા કર્મચારીઓ ચૂંટણી ફરજ માટે તૈનાત છે. આ સિવાય સરહદ પર સેનાના જવાનો તૈનાત હોય છે. આવી સ્થિતિમાં આ લોકો પોતાની ફરજ છોડીને ચૂંટણીમાં મતદાન કરવા ઘરે જઈ શકતા નથી. આવા કર્મચારીઓ અને સૈનિકો માટે ચૂંટણી પંચ પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન કરવામાં આવ્યું હતું. ચૂંટણી પંચ અગાઉથી નક્કી કરે છે કે, કેટલા લોકોને પોસ્ટલ બેલેટ આપવાના છે. ત્યારબાદ કાગળ પર છપાયેલા ખાસ બેલેટ પેપર આ લોકોને મોકલવામાં આવે છે. બેલેટ પેપર પ્રાપ્ત કર્યા પછી કાર્યકર તેના મનપસંદ ઉમેદવારને પસંદ કરે છે અને આ બેલેટ પેપર પોસ્ટ દ્વારા ચૂંટણી પંચને પરત કરે છે.

## ક્ષત્રિય સમાજ પર રાહુલ ગાંધીએ કરેલાં આક્ષેપ બાબતે આવેદન અપાયું

**રાહુલ ગાંધી દ્વારા કર્ણાટકની એક સભામાં રાજાની ગરીમાને દાગ લગાડે તેવા આક્ષેપ કરાતાં કરણી સેના ગુજરાત દ્વારા આજે તેના વિરૂધ્ધ જિલ્લા કલેકટરને આવેદન પત્ર આપવામાં આવ્યું હતું. જેમાં માંગ કરવામાં આવી હતી કે કોંગ્રેસના ગાંધી પર કાનૂની કાર્યવાહી કરવામાં આવે.**



(તસ્વીરઃ આનંદ જાવિયા)

## કોંગ્રેસની કરણી અને કથની અલગ અલગઃ ડો.ભરત બોઘરા

### ધર્મ આધારિત અનામત લાગુ કરી અન્ય સમાજોના હકક છીનવ્યાઃ ભાજપના પ્રદેશ ઉપાધ્યક્ષે પત્રકાર પરિષદમાં કોંગ્રેસ પર કર્યા પ્રહારો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પુરુષોત્તમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ વિશે કરેલા વિવાદિત નિવેદન સમયે ભાજપના દરેક નેતાઓએ મીડિયા સમક્ષ નિવેદન આપવાનું ટાળ્યા બાદ હવે રાહુલ ગાંધીના નિવેદનને મોટો મુદ્દો બનાવી વિકાસની વાતોથી દૂર રહી કોંગ્રેસ પર અને રાહુલ ગાંધી પર પ્રહાર કરવા ભાજપના તમામ નેતાઓ મેદાને ઉતરી ગયા છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કરેલા રાજા મહારાજાઓ વિરુદ્ધ નિવેદન અંગે આજે પ્રદેશ ઉપાધ્યક્ષ ભરત બોઘરાએ પત્રકાર પરિષદ સંબોધી કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, રાહુલ ગાંધીએ દેશની જનતાનું અપમાન કર્યું છે. દેશના ભવ્ય ઇતિહાસનું અપમાન કર્યું છે.



(તસ્વીરઃ આનંદ જાવિયા)

રાહુલ ગાંધીના નિવેદન અંગે નિવેદન આપતા ભરત બોઘરાએ જણાવ્યું હતું કે, આ વાત દેશની અસ્મિતા સાથેની છે. આ દેશમાં વર્ષો સુધી જેમને રાજા રજવાડાઓએ દેશની જનતા માટે અનેક પોઝિટિવ નિર્ણયો કર્યા છે. ગંભીરતા પૂર્વક તેઓ બોલ્યા કે રાજા રજવાડાઓ જમીન હડપ કરે છે, પરંતુ મારે રાહુલ ગાંધીને કહેવું છે કે, આ એ રાજા રજવાડાઓ છે જેમણે પોતાના ગામના ગરીબ પરિવારોને, મંદિરમાં પૂજા-અર્ચના કરતા સામાન્ય વર્ગના લોકોને પણ જમીનો આપી છે. સરદાર સાહેબની વિનંતીથી ૫૬૨ રજવાડાઓએ પોતાની મિલ્કતો, જમીનો અને રાજ વિલીનીકરણ કરીને આપી દીધા છે. આ દેશની જનતાનું અને દેશના ભવ્ય ઇતિહાસનું અપમાન છે.

પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડો. ભરત બોઘરાએ જણાવ્યું હતું કે, દેશમાં લોકશાહીનું પર્વ ઉજવાઈ રહ્યું છે. ત્યારે દેશમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં વિકસિત ભારતનું સ્વપન સાકાર કરવા કટિબદ્ધ બન્યા છે. છેલ્લા ૧૦ વર્ષમાં નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશનો સર્વાંગી વિકાસ થઇ રહ્યો છે. શાંત પાણીને ડહોળવા માટે કોંગ્રેસ અને અન્ય અલગતાવાદી પરિબળો સાથે મળી દેશમાં કોમવાદ, જ્ઞાતિવાદ, નકસલવાદ, આંતકવાદ જેવા મુદ્દાઓને જોર-શોરથી ઉત્તેજન આપી દેશ વિરોધી તાકાતોને બળ આપી રહ્યું છે.

## સંખેડામાં ડાકણનો આરોપ મુકનારાનો પર્દાફાશઃ વૃદ્ધા પર ડાકણનો આરોપ મુકનારે માંફી માંગી

### ભોઈ પરિવાર ના ૪ ઈસમોને કાયદાનું ભાન કરાવાયુંઃ ડાકણ શબ્દપ્રયોગ કરવો કાયદામાં પ્રતિબંધઃ ધુણીને મહિલાએ વૃદ્ધાને ડાકણ કહેતા જાથાએ પર્દાફાશ કર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

અમદાવાદ સંખેડા ભોઇવાળામાં રહેતા વૃદ્ધા મહિલા ઉપર, ધુણીને ડાકણનો આરોપ મુકનારાનો ભારત જન વિજ્ઞાન જાથા ની ટીમે પોલિસ સ્ટેશનની મદદથી સફળ પર્દાફાશ કર્યો હતો મફતભાઈ ખોડાભાઈ પરિવાર ના ચાર સદસ્યો એ માફી માંગી લેવાથી મામલો થાળે પડ્યો હતો લોકો ના ટોળે ટોળા ઉમટી પડ્યા હતા ડાકણ શબ્દ પ્રોયોગ કરનારા પરિવારે માફી પત્ર સાથે કબૂલાતનામું આપી દીધું હતુ




બનાવની વિગત પ્રમાણે રાજકોટ કર્યાલયે પીનલ નવીનભાઈ ભોઇ એ રૂબરૂ આવી આપવીતી માં જણાવ્યું કે મારી માતા મમતાબેન દાદીમાં સવિતાબેન ને અમારા કુટુંબી જનની પુત્રવધુ યોગીની એ ધુણી ને ડાકણ છે તેવું જાહેર કરતા અમારે જીવવું દુસ્કર બની ગયું છે દાદી માં વારમંવાર મોત માંગી લેવા ઉપચારણો કરે છે અમો નિર્દોષ છીએ અમોને ખબર નથી છતાં છેલ્લા ત્રણ ચાર વર્ષ થી માનસિક પરેશાન છિયે પ્રસંગો એ જવું મુશ્કેલ બની ગયું છે માતા વારમંવાર આપઘાત નો વિચાર કરે છે. ઘરમાં અજુગતું બને તે પહેલા વિજ્ઞાન જાથા ખોટો આરોપ મુકનારાઓ ને ખુલ્લા કરે તેવી રજુઆત કરવામાં આવી હતી પીનલભાઈ એ આરોપ મુકનારામાં મફતભાઈ ખોડાભાઈ ભોઇ, ભગવતીબેન ભોઇ, વિજયભાઈ ભોઈ, ધુણતી યોગીનીબેન ના નામો આપ્યા હતા. ભવિષ્યમાં બીજો પરિવાર હેરાન ન થાય તેવી જાથા પાસે રજુઆત કરી હતી ધુણતી યોગીની માથાભારે બહુ છે પરિવારજનોને હેરાન કરે છે ખોટા નામો આપીને નિર્દોશ ને હેરાન કરવાનું કામ કરે છે

વિજ્ઞાન જાથાએ ખરાઇ કરવા ભાનુબેન ગોહિલ, અંકલેશ ગોહિલ, ને રૂબરૂ મોકલતા સઘળી હકીક્ત સાચી નિકળી હતી. જાથાએ છોટા ઉદયપુર જિલ્લા પોલીસવડા, ઉચ અધિકારીઓને પત્ર પાઠવી પોલીસ બંદોબસ્ત ની માંગણી કરતાં સંખેડા પોલીસ સ્ટાફ ફાળવી દિધો હતો. જાથાના જયંત પંડ્યાના વડપણ હેઠળ સાહિલ રાજદેવ, પ્રકાશ મનસુખભાઇ, અંક્લેશ ગોહિલ, ભાનુબેન ગોહિલ, સ્થાનિક કાર્યકરો સંખેડા પોહચી ગયા, ત્યાં નવીનભાઈ ખોડાભાઇ ભોઈ, મમતાબેન, રોહિણીબેન, આદર્શભાઈ, ખોડાભાઇ દલપતભાઈ, ધનુંબેન ખોડાભાઇ, વૃદ્ધા સવિતાબેન મળ્યા હતા. જરૂરી આધાર પુરાવા મેળવ્યા હતા. સંખેડા પોલીસ સ્ટેશન માંથી હેડ કોન્સ્ટેબલ ધર્મેન્દ્રભાઈ, કરમતભાઈ, હેડ કોન્સ્ટેબલ રાજેશભાઈ અબાલાલભાઈ, પોલીસ કોન્સ્ટેબલ મહેશભાઈ બાબુભાઈ, પોલીસ કોન્સટેબલ કોમલબેન રણવીરસિંહ, હેડ કોન્સ્ટેબલ રાયસંગભાઈ સહિત સ્ટાફ ભોઈવાળામાં પોંહચી ગયો.

ડાકણનો આરોપ મૂકનાર પરિવારના ચારેય સદસ્યોને રૂબરૂ મળી. પરિસ્થિતિથી વાકેફ કર્યા લોકોના ટોળેટોળાં ઉમટી પડ્યા. મફતભાઈ, વિજયભાઈ, ભગવતીબેન, ધુણતી યોગિની પરિસ્થિતિ પામિજતા ભૂલ કબૂલી માફી માંગવા લાગ્યા. ડાકણ શબ્દ બદલ વારંવાર જાથાના ખુંટનીએ પડી ગયા. વૃદ્ધા, મહિલાની માંફી માગી લીધી, માંફી પત્ર-કબુલાતનામાં માં સહી કરી દીધી હતી, ધુણતી યોગીની વારમાં વાર રડતી હતી, જાથા એ સાંત્વના આપી હતી, મફતભાઈઓના ભાઈઓએ એકવાર માંફી આપવા રજુ આત કરી હતી, ભવિષ્યમાં મફતભાઈ પરિવાર કદી ડાકણ શબ્દ બોલશે નહી તેવી ખાત્રી આપી હતી,

જાથાના એડવોકેટ ચેરમેન જયંત પંડ્યાએ ડાકણ શબ્દ બોલવો એ કાનુની ગુનો બને છે. મહિલા ઉપર ખોટો આરોપ મૂકવો કાનુની ગુનો બને છે. તેની સમજ આપી હતી, ચારેય આરોપ મુકનારાને કાયદાનું ભાન જાથા એ કરાવ્યુ હતુ પોલીસે સુલેહ શાંતિના પગલા ભરવાની કાયેવાહી કરી, જાથાએ જિલ્લા પોલીસવડા, આઇ.જી.પી.નો આભાર માન્યો હતો. જિલ્લા એલ.આઇ.બી, જિલ્લા કટ્રોલ, સંખેડા પોલીસ સ્ટાફે મદદ કરી હતી, આસપાસ વિસ્તારમાં જાથાની ખબર પડતા દોરા-ધાગા કરનારામાં સોંપો પડી ગયો હતો, રાજ્યમાં ખોટો આરોપ મુકનારા સામે જાથા કાનુની કાર્યવાહી કરશે તેવી જાહેરાત કરી હતી, સંખેડા પોલીસને વિશેષ અભિનંદન પાઠવ્યા હતા.

## ધોરાજી, રાજકોટ ગ્રામ્ય તથા દક્ષિણ, ગોંડલમાં સઘન મતદાર જાગૃતિ ઝુંબેશ હાથ ધરાઈ

### રાજકોટ ગ્રામ્યમાં રેસ્ટોરન્ટમાં ફ્લેશ મોબ તથા ધોરાજીના મોલમાં નાગરિકોને લેવડાવાયા અચૂક મતદાનના શપથઃ ગોંડલમાં નાગરીકોએ લીધી મતદાન મથકની મુલાકાત




**મુખ્ય સમાચાર, રાજકોટ**

ચૂંટણી એ લોકશાહીનું પર્વ છે અને દેશનું ગર્વ છે. રાજકોટ સંસદીય મત વિસ્તારમાં મહત્તમ મતદાન થકી આ લોકશાહીનું પર્વ ઉજવાય તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી પ્રભવ જોશીના નિર્દેશ મુજબ, સ્વીપ અંતર્ગત સઘન મતદાન જાગૃતિ ઝુંબેશ ચાલી રહી છે. જેમાં નાગરિકોને ચૂંટણીમાં અચૂક મતદાન કરવાનો સંદેશો અપાઈ રહ્યો છે.

૭૫ -ધોરાજી વિધાનસભા મત વિસ્તારમાં ધોરાજીમાં આવેલા ટ્રેન્ડસ મોલમાં મતદાર જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હાજર તમામ નાગરિકોને આગામી લોકસભા સામાન્ય ચૂંટણીમાં અચૂક મતદાન કરવા માટે અપીલ કરવામાં આવી હતી.

૭૧-રાજકોટ ગ્રામ્ય(અ.જા.) વિધાનસભા મત વિસ્તારમાં આવેલા મુંજકા ખાતે ધી સેકન્ડ વાઈફ રેસ્ટોરન્ટમાં ફ્લેશ મોબ મતદાન જાગૃતિનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં હાજર તમામ લોકોને મતદાનનું મહત્વ સમજાવી, તમામને પરિવાર સાથે તા.૭મી મેના રોજ અચૂક મતદાનની કરવાની અપીલ કરવામાં આવી હતી. આ સાથે મતદાનના શપથ લેવડાવવામાં આવ્યા હતા.

૭૦-રાજકોટ દક્ષિણ વિધાનસભા મત વિસ્તારમાં આવેલા મતદાન મથકો ખાતે "Know Your Polling Station" (તમારા મતદાન મથકોને જાણો) તથા ''ચુનાવ કી પાઠશાળા''નું આયોજન કરવામાં આવ્યું હતું.

જ્યારે ભાગ નંબર-૧૯૨ લાપાસરી મતદાન મથક ખાતે મુલાકાત તથા ચુનાવ પાઠશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઉપરાંત ૭૩ - ગોંડલ રૂટ નંબર ૧૫માં આ જ કાર્યક્રમ અંતર્ગત નાગરિકોને મતદાન મથકની મુલાકાત કરાવવામાં આવી હતી અને મતદાન કરવા અપીલ કરવામાં આવી હતી.

## મારો મત મારી તાકાત... યુવાઓને અવશ્ય મતદાન કરવા જામનગરના વિદ્યાર્થીએ કરી અપીલ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, આગામી તા.૭મી મે ના રોજ લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪નું મતદાન યોજાશે. ત્યારે દેશના યુવાઓ વધુમાં વધુ મતદાન કરી લોકશાહીના મહાપર્વમાં ભાગ લે તે હેતુથી જામનગરની ડિકેવી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજમાં અભ્યાસ કરતાં અને પ્રથમ વખત મતદાન કરી રહેલ યુવા



અટારિયા હુસેન દ્વારા સૌ યુવાઓને અવશ્ય મતદાન કરવા અપીલ કરતા જણાવ્યું છે કે, હું વર્ષ ૨૦૨૪માં પ્રથમ વખત મતદાન કરવા જઇ રહ્યો છું. મારો મત મારી તાકાત છે. મતદાનની પાત્રતા ધરાવતા દેશના તમામ લોકોએ અને ખાસ કરીને જે યુવાઓ પ્રથમ વખત મત આપવાના છે તેઓએ અવશ્ય મતદાન કરવું જોઈએ.

## જામનગરમાં ક્ષત્રિયોના વિરોધનો મામલોઃવોર્ડ નંબર ૬માં ભાજપ કાર્યાલય પર વિરોધ કરનારા ૧૦૦ લોકો સામે રાયોટીંગ સહિતની કલમ હેઠળ ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં ક્ષત્રિયોના વિરોધનો મામલો:વોર્ડ નંબર ૬માં ભાજપ કાર્યાલય પર વિરોધ કરનારા ૧૦૦ લોકો સામે રાયોટીંગ સહિતની કલમો હેઠળ ગુનો નોંધાયો.જામનગર શહેરમાં વોર્ડ નંબર ૬ માં ભાજપ કાર્યાલય ખાતે રાજપુત સમાજના મહિલાઓ અને યુવાનો દ્વારા તોડફોડ આવી હતી તે અંતર્ગત જામનગરમાં ક્ષત્રિય સમાજના યુવાનો અને મહિલાઓ





ઉપર પ્રથમ ગુનો નોંધાયો છે. જેમાં વોર્ડ નંબર ૬ માં ભાજપની સભામાં વિરોધ પ્રદર્શન કરવા બાબત ગુનો દાખલ કરવામાં આવ્યો તેમાં રાયોટીંગ, તોડફોડ કરવી, અને જાનથી મારી નાખવાની ધમકી આપવી તેવી કલમો હેઠળ પોલીસ દ્વારા ગુનો નોંધવામાં આવ્યો છે.ક્ષત્રિય સમાજના યુવાનો અને મહિલાઓ દ્વારા ભાજપની સભામાં વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું અને તોડફોડ કરવામાં આવી હતી. તે બાબતે જયપાલસિંહ રવિન્દ્રસિંહ ઝાલા, હરદીપસિંહ ઉર્ફે બાપૂડી દરબાર, નરેન્દ્રસિંહ જાડેજા અને રાજપૂત મહિલા માં મીનાબા મહેન્દ્રસિંહ જાડેજા અને પ્રજ્ઞાબા વનરાજસિંહ જાડેજા તથા અન્ય ૧૦૦ જેટલા મહિલાઓ અને પુરુષોના ટોળા સામે સીટી 'સી' ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે.મળતી માહિતી મુજબ વોર્ડ નંબર ૬ માં ભાજપની સભામાં વિરોધ પ્રદર્શન કરવા બદલ પોલીસ દ્વારા સીસીટીવી ફૂટેજ ના આધારે ટોળામાં જે વ્યક્તિઓ હાજર હતા તેમની પણ શોધખોળ શરૂ કરવામાં આવી છે અને પોલીસ દ્વારા તપાસ હાથ ફરી આગળની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

## જામનગર મનપાના એસએસઆઈ પર સફાઈકામદારે હુમલો કર્યો, સામા પક્ષે એસ.એસ.આઇ. એ પણ મારમાર્યો હોવાની ફરિયાદ દાખલ કરાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મનપાના એસએસઆઈ પર સફાઈકામદારે હુમલે કર્યો, સામા પક્ષે એસ.એસ.આઇ. એ પણ મારમાર્યો હોવાની ફરિયાદ.મહાનગરપાલિકાના સેનેટરી સબ ઇન્સ્પેક્ટર પર હુમલો કરાયો હતો, જે બનાવ મામલે એક સફાઈ કામદાર દંપતિ સામે હુમલા અંગેની ફરિયાદ નોંધાવાઇ છે, જયારે સામા પક્ષે સફાઈ કામદારે પણ એસએસઆઇ વિરુદ્ધ હુમલાની વળતી ફરિયાદ નોંધાવી છે.જામનગર મહાનગરપાલિકાના એસ.એસ.આઈ ગઈકાલે પોતાની ફરજ બજાવી રહ્યા હતા, અને મહાવીર નગર વિસ્તારમાં ચેકીંગ કરી રહ્યા હતા, જે દરમિયાન એક સફાઈ કામદાર દંપતિ રજા



લીધા વિના હોસ્પિટલ જવા લાગતાં તેઓને અટકાવ્યાં હતા, જેથી દંપતીએ તેમના પર હુમલો કરી દીધો હતો, અને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે. જે અંગે સફાઈ કામદાર દંપતિ સામે પોલીસ ફરિયાદ નોંધાવાઇ છે. જેની સામે સફાઈ કામદારે પણ પોતાને માર માર્યાની એસ.એસ.આઇ વિરુદ્ધ વળતી ફરિયાદ નોંધાવી છે.જામનગરમાં નીલકંઠ નગર માં રહેતા અને જામનગર મહાનગરપાલિકામાં સેનેટરી સબ ઇન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા ચિરાગભાઈ નાનજીભાઈ સોલંકી ઉ.૩૭કે જેઓ પોતાની ફરજ પર હતા, જે દરમિયાન રવિ જયંતીભાઈ ચુડાસમા અને તેના પત્ની વીણાબેન કે જે દંપતિ સફાઈ કામ કરવાને બદલે તેઓને અન્ય વિસ્તારમાં વાહનમાં ફરતાં જોવા મળ્યા હતા. તેથી તેઓના અટકાવ્યાં હતા, અને તમે અહીં શું કામ ફરો છો? તમારી અહીં ફરજ નથી. તેમ કહેતાં દંપતીએ પોતે હોસ્પિટલમાં સારવાર માટે જતા હોવાનું જણાવ્યું હતું. તેથી એસ.એસ.આઇ દ્વારા હોસ્પિટલના સારવારના કાગળો બતાવવાનું કહ્યું હતું. જેથી દંપતી ઉશ્કેરાયું હતું. અને એસ.એસ.આઈ. ચિરાગભાઈ પર પથ્થર વડે હુમલો કરી દીધો હતો. જેમાં તેઓને કપાળના ભાગે તેમ હાથના ભાગે ઈજા થઈ હતી, અને સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. સમગ્ર મામલે પોલીસની જાણ થતાં સીટી એ. ડિવિઝનની પોલીસ ટુકડી જી.જી. હોસ્પિટલમાં પહોંચી હતી, અને એસ.એસ.આઇ ચિરાગભાઈ સોલંકી ની ફરિયાદ ના આધારે રવિ જયંતીભાઈ ચુડાસમા અને તેની પત્ની વીણાબેન સામે હુમલા અંગે ગુનો નોંધ્યો હતો. દરમિયાન સફાઈ કામદાર રવિ જયંતીભાઈ ચુડાસમાએ પોતાને લાત અને મુકકા મારવા અંગે એસ.એસ.આઇ ચિરાગ નાનજીભાઈ સોલંકી સામે વળતી ફરિયાદ નોંધાવી છે.

# ગણેશનગરમાં દલિત પરિવાર પર ખુની હુમલો કરનાર નામચીન ઈભલા સહિત બે ઝડપાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મોરબી રોડ પર ગણેશનગર રહેતા યોગેશભાઈ હરજીવનભાઈ મકવાણા ગત તા.૦૭/૦૪/૨૦૨૪ ના રાત્રીના સાડા આઠેક વાગ્યાના અરસામાં પોતાના ઘર નજીક હતા ત્યારે આરોપી ઈબ્રાહીમ ઉર્ફે ઈભલો કરીમભાઈ કાથરોટીયા અને ફિરોજ કરીમભાઈ કાથરોટીયા તેમજ બે અજાણ્યા શખ્સોએ જાતિ પ્રત્યે હડધુત કરી ગાળાગાળી કરી ધોકા વડે આડેધડ ઘા મારી આરોપી ફિરોજ કાથરોટીયાએ તલવાર વડે માથાપર ગંભીર ઈજાઓ કરી જાનથી મારી નાખવાની કોશીશ કરી નાશી છૂટયા હતા. આ અંગે બી ડિવિઝન પોલીસે યોગેશભાઈ મકવાણાની ફરિયાદ પરથી કુખ્યાત હિસ્ટ્રીસિટર ઈ ભલો ઉર્ફે ઈબ્રાહીમ અને તેના ભાઈ ફિરોજ ઉર્ફે ફિરયો અને બે અજાણ્યા શખ્સો સામે હત્યાના પ્રયાસ અનેએટ્રોસિટીએક્ટ હેઠળ ગુનો નોંધી શોધખોળ શરૂ કરી હતી. દરમ્યાન પોલીસે બાતમીના આધારે ઇભલો ઉર્ફે



ઈબ્રાહીમ કરીમ કાથરોટીયા અને તેના ભાઈ ફિરોઝ ઉર્ફે કરીમ કાથરોટિયા ને ઝડપી લીધા હતા અને અન્ય બે સાગરરીતોની શોધખોળ શરૂ કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ઇબ્રાહીમ ઈ ભલો ૫૪ ગુનામાં સંડોવાયેલાઅને છ વખત પાસામા ધકેલાયેલા અને ગણેશનગરમા યુવાનની હત્યાની કોશિષના ગુનામાં ફરાર કુખ્યાત ગુનેગાર ઈબ્રાહીમ ઉંફે ઈભલો અને તેનો ભાઈ ફીરોજ ઉંફે ફીરીયો અગાવ છ ગુનામાં પોલીસ ચોપડે ચડી ચુક્યો છે.

# શહેરની પોલીસ કમિશનર કચેરીમાં હેલ્મેટ વગર વાહન સાથે પ્રવેશ કરશો તો ઈ-ચલણ ફટકારાશે

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેર અને ગ્રામ્ય હાઈવે રોડ પર વાહન ચાલકોએ હેલ્મેટ પહેરવા નું ફરજિયાત હોવાના કાયદા વિરુદ્ધ વાહન ચાલકો હેલ્મેટ પહેર્યા વગર વાહન ચલાવતા હોય જેના કારણે અકસ્માત સર્જાય ત્યારે લોકો ગંભીર ઈજા નો ભોગ બનતા હોય છે અને કેટલાક કિસ્સામાં લોકો મોતના મુખમાં પણ ધકેલાઈ જતા હોય છે ત્યારે તંત્ર વાહકો દ્વારા રોજ બરોજ લોકોને જાગૃત કરી હેલ્મેટ પહેરવા અંગે સૂચનાઓ આપવામાં આવી રહી હોય તેમ છતાં હેલ્મેટ પહેર્યા વગર વાહન ચલાવતા




(તસ્વીરઃ આનંદ જાવિયા)

લોકો સામે પોલીસ અને આરટીઓ દ્વારા દંડની કાર્યવાહી કરવામાં આવી રહી છે ત્યારે રાજકોટ શહેર પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ દ્વારા ઘર આંગણેથી જ નવી શરૂઆત કરવામાં આવી છે શહેર પોલીસ કમિશનર કચેરી માં ફરજ બજાવતા અને કામકાજ અર્થે કચેરીમાં પ્રવેશ કરતા પોલીસ જવાનો ને હેલ્મેટ પહેરીને જ કચેરીમાં પ્રવેશ કરવા અંગે સાઈનબોર્ડ મૂકવામાં આવ્યા છે તથા કચેરીના પ્રવેશદ્વાર સામે સીસીટીવી કેમેરા ની ગોઠવણ કરવામાં આવી છે અને આ સાઈન બોર્ડ દ્વારા લોકોને તાકીદ કરવામાં આવી છે કે કચેરીમાં હેલ્મેટ વગર પ્રવેશ કરશો તો ઈ મેમો તમારા ઘરે પહોંચી જશે તેવી પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ દ્વારા શહેર પોલીસ સ્ટાફ અને કચેરીમાં પ્રવેશ કરતા લોકોને ટકોર કરવામાં આવી છે

# રાજકોટ સહિત પાંચ જિલ્લામાં ૯૧ ચેકપોસ્ટ પર પોલીસનું સઘન ચેકિંગ

## ૩૩૮ પોલીસ કર્મી તૈનાતઃ હથિયારો અને માદક પદાર્થોની હેરાફેરી પર પોલીસની બાજનજર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોકસભાની ચૂંટણીને અનુલક્ષી રાજકોટ રેન્જ હસ્તકના જિલ્લાઓમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતી જળવાઇ રહે અને મતદાન શાંતિપુર્ણ વાતાવરણમાં થાય તે માટે અશોક કુમાર રાજકોટ રેન્જ નાઓ દ્વારા રેન્જ હસ્તકના ૫ જીલ્લાઓમાં ગેરકાયદેસર રોકડ તથા સોના- ચાંદીની ચીજ વસ્તુઓની હેરફેર, ગેરકાયદેસર હથીયારોની હેરફેર તેમજ માદક પદાર્થોની હેરફેર થતી અટકાવવા જીલ્લાઓના કુલ ૯૧ ચેકપોસ્ટ પર ૩૩૮ પોલીસ




કર્મીઓને તૈનાત કરવામાં આવ્યા છે.

તેમજ જીલ્લાઓમાં ફાળવવામાં આવેલ કુલ ૮૯ (એસ.એસ.ટી.) સ્ટેટીક સર્વેલન્સ ટીમોના ૨૨૬ કર્મચારીઓ દ્વારા મોટી રોકડ રકમની હેર-ફેર તથા સોના-ચાંદીની વસ્તુઓની હેર-ફેર રોકવા સારુ તેઓને મળતી માહિતી મુજબ રાઉન્ડ ધી ક્લોક કામગીરી કરવામાં આવી રહેલ છે. જેમાં દેવભુમી દ્વારકા જીલ્લામાં કુલ - ૧૫, જામનગર જીલ્લામાં કુલ - ૨૪, મોરબીજીલ્લામાં કુલ - ૧૭, રાજકોટ ગ્રામ્ય જીલ્લામાં કુલ ૨૨ અને સુરેન્દ્રનગર જીલ્લામાં કુલ - ૧૪ મળી રાજકોટ રેન્જમાં કુલ - ૯૧ ચેકપોસ્ટો કાર્યરત કરવામાં આવ્યા છે.

# દુધ સાગર રોડ પર ડેલામાંથી ઝડપાયેલા શીરપના જથ્થામાં આલ્કોહોલ હોવાનો એફએસએલના રિપોર્ટ

## નવ માસ પૂર્વ ઝડપાયેલ ૪૨૦૦ બોટલ શીરપ અંગે થોરાળા પોલીસે અજાણ્યા શખ્સો વિરૂધ્ધ ગુનો નોંધ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

દૂધસાગર રોડ પરથી ૯ મહિના અગાઉ થોરાળા પોલીસે દરોડો પાડયો હતો. આ દરમિયાન એક ડેલામાંથી રૂ.૬.૨૫ લાખની નશાકારક સીરપનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. જેમાં રહેલા નશાકારક પદાર્થ અંગે જાણવા તેના સેમ્પલ લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા હતા. આ અંગેનો રિપોર્ટ આવી જતાં હવે સીરપમાં આલ્કોહોલ હોવાનો પર્દાફાશ થયો છે. જેના આધારે થોરાળા પોલીસે અજાણ્યા શખ્સ સામે ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરી છે.




આ અંગેની માહિતી મુજબ જુલાઈ મહિનામાં દૂધની ડેરી વિસ્તારમાં થોરાળા પોલીસે દરોડો પાડી ડેલામાંથી ૪૨૦૦ બોટલ સીરપનો જથ્થો ઝડપી પાડ્યો હતો. એફએસએલના રિપોર્ટમાં આ સીરીપમાં આલ્કોહોલ હોવાનો ખુલાસો થયો છે. જેને પગલે આજે થોરાળા પોલીસે અજાણ્યા શખસ સામે પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુનો નોંધ્યો છે. થોરાળા પોલીસ સ્ટેશનના પીએસઆઈ એચ.કે રાવલે ફરિયાદી બની આ અંગેની ફરિયાદ નોંધાવી છે. થોરાળા પોલીસે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત ૬ જુલાઈ ૨૦૨૩ના પીએસઆઇ એચ એન ગઢવી સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. આ દરમિયાન સ્ટાફને દૂધસાગર મેઈન રોડ ઉપર રેશ્માબેન વસીમભાઈ ખેબરના બંધ ડેલામાં શંકાસ્પદ સીરપનો જથ્થો પડયો હોવાની બાતમી મળી હતી. જેના આધારે સ્થળ પર જતાં ડેલાનું તાળું તુટેલું હોવાથી અંદર જઈને જોતા ગીતાંજલી હાર્ડ અસ્વસ્વ ઇમ્પ્રુવ ધ બ્રીએન હેલ્થ એન્ડ ઇન્સ્યુરન્સ કોર્ડિનેશન બીટવીન ધ બ્રીએન એન્ડ અધર પાર્ટ ઓફ બોડી પરફેક્ટ બ્લેડ ઓફ હેલ્થ ફલ રીચ-ઇન્ગ્રીયન્ટ હેલ્થકેર લખેલી ૪૦૦ એમએલની બોટલના ૧૬૮ બોક્સ મળી આવ્યા હતા. પોલીસ દ્વારા શંકાસ્પદ નશાકારક જણાતી કુલ રૂ. ૬,૨૫,૮૦૦ની કિંમતની ૪૨૦૦ સીરપની બોટલ કબજે કરી હતી. તેમજ આ સીરપમાં રહેલા નશાકારક પદાર્થ અંગે જાણવા સીરપને લેબોરેટરીમાં મોકલવામાં આવી હતી. જેના રિપોર્ટમાં ઇથાઇલ આલ્કોહોલ ૮.૨ ટકા અને પ્રોપાઇલ આલ્કોહોલ ૦.૧ ટકા હોવાનો રિપોર્ટ હાલ આવ્યો છે. જેને પગલે અજાણ્યા શખ્સ સામે આ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. હાલ પોલીસે ૯ મહિના પૂર્વે ડેલામાં નશાકારક સીરપનો આ મોટો જથ્થો મૂકી જનાર અજાણ્યા શખ્સની શોધખોળ શરૂ કરી છે.

# બાલાજી હોલ પાસે આરએમસી કવાર્ટરમાં પતિએ પત્નીને ધોકાવી

## પત્નીએ લોટ ન હોવાથી રોટલી નહીં બનાવી પતિને મચ્છી ભાત પીરસતા ઉશ્કેરાઈ માર માર્યો

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલા બાલાજી હોલ નજીક રાજકોટ મહાનગરપાલિકાના કોટર માં રહેતી મહિલાને પતિએ જમવા બાબતે માર મારતા રાજકોટ તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

આ અંગેની માહિતી મુજબ બાલાજી હોલ પાસે સાગર ચોક નજીક આવેલ આવાસ યોજનાના ક્વોટરમાં રહેતી રમવા બેન પ્રેમચંદભાઈ સહાની નામની મહિલાએ તાલુકા પોલીસમાં તેના પતિ પ્રેમચંદ સહાની વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે કે ગઈકાલે રાત્રિના પોતે ઘરે હતી ત્યારે ઘરમાં લોટ ન હોય જેથી રોટલી બનાવી ન હતી અને જમવા માટે મચ્છી ભાત બનાવ્યા હતા ત્યારે પતિ પ્રેમચંદ સહાની જમવા બેઠો ત્યારે તેને મચ્છી ભાત પીરસ્યા હતા પતિએ રોટલી માગી હતી જેથી ગુસ્સે થઈ પ્રેમચંદ એ તેની પત્ની રમવાને ઢીકાપટુંનો માર મારી માથું દરવાજા સાથે ભટકાડી ગંભીર ઇજા કરતા ફરિયાદ નોંધાય છે બનાવના પગલે તાલુકા પોલીસના એએસઆઈ કે એલ જાડેજાએ પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

# મેટોડા જીઆઇડીસી પાસે ગ્લોરીયસ સોસાયટીની પરણીતાને પતિ સહિતના સાસરિયાઓનો ત્રાસ

**મુખ્ય સમાચાર રાજકોટ**

કાલાવડ રોડ પર આવેલા મેટોડા જીઆઇડીસી ગેટ નંબર ત્રણ ની આગળ પાઠક સ્કૂલ ની સામે આવેલ ગ્લોરીયસ સોસાયટી માં રહેતી અને હાલ નાના મહુવા રોડ પર કૈલાસ સોસાયટીમાં માવતર ના ઘરે રહેતી મેઘાબેન જીગ્નેશભાઈ સોલંકી નામની પરણીતાએ મહિલા પોલીસમાં પતિ જીગ્નેશ સસરા પ્રવીણ સાસુ ભાવના જેઠ ગૌતમ જેઠાણી ચંદ્રિકા દિયર આશિષ કાકીજી સાસુ લીલા સહિત ના સાસરીયા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે કે લગ્ન બાદ મેળા કોણે આપી મારકૂટ કરી શારીરિક માનસિક ત્રાસ આપી ઘરમાંથી કાઢી મુકતા ફરિયાદ નોંધાવી છે બનાવના પગલે મહિલા પોલીસના હેડ કોન્સ્ટેબલ વીએસ બાલસરા એ પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

# જેતપુરના બોરડી સમઢીયાળા ગામે પ્રેમ લગ્ન બાબતે યુવાનના પરિવારજનો પર હુમલો

## યુવતીએ પોતાની મરજીથી અન્ય જ્ઞાતિના યુવાન સાથે પ્રેમ લગ્ન કરતા મામલો બિચકયોઃ તાલુકા પોલીસમાં પાંચ શખ્સો વિરૂધ્ધ ફરિયાદ

**મુખ્ય સમાચાર, જેતપુર**

જેતપુર તાલુકાના બોરડી સમઢીયાણા ગામે યુવતીએ પોતાની મરજીથી અન્ય જ્ઞાતિના યુવક સાથે પ્રેમ લગ્ન કરતા યુવતીના પરીવારજનોએ યુવકના ઘરમાં ઘુસી વારજન તોડફોડ કરી તેના પરીવારજનોને ઢીકાપાટુનો મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની તાલુકા પોલીસ સ્ટેશનમાં પાંચ શખ્સો સામે ફરીયાદ નોંધાઈ હતી.

આ અંગેની માહિતી મુજબ તાલુકાના બોરડી સમઢીયાણા ગામે રહેતા કેવીન કિશોરભાઈ સખરેલીયા નામના યુવાને ગામમાં જ રહેતી નયના બુધાભાઈ રાઠોડ નામની યુવતી સાથે પ્રેમલગ્ન કરવા બંને ગત ૨૬ એપ્રિલે બંને ઘરેથી નાસી ગયાં હતા. આ બાબતનો ખાર રાખી શનિવારના યુવતીના ભાઈઓ ઉદય અને સતીષ બંને કેવીનના ઘરની વંડી ઠેકી ઘરમાં પ્રવેશતા કેવીનના પિતા કિશોરભાઈ અને માતા નયનાબેન બંને જ ઘરે હતાં તેઓને આવીને અમારી બેન ક્યાં છે તેમ કહી ઘરમા તોડફોડ કરવા લાગ્યાં. તેને રોકવાની કોશિષ કરતા વૃદ્ધ દંપતિને બંને ભાઈઓ ઢીકાપાટુનો માર મારતા બંને રાડારાડ કરવા લાગ્યા હતાં. જેથી બંને ભાઈઓ દરવાજો ખોલી ભગવા લાગેલ. દરવાજો ખુલતા હિતેશ ઉર્ફે રબારી, જીગ્નેશ રબારી અને જયલો જયેશ રબારી ફળીયામાં આવી તેઓએ પણ ઢીકાપાટુનો માર માર્યો અને કાલ સુધીમાં અમારી બહેન પરત નહિ આવે તો તને જાનથી મારી નાંખશું તેવી જતાંજતાં ધમકી આપતાં ગયાં. બહાર નીકળતા રસ્તામાં કેવીનના મિત્ર વિવેક કાકડીયા મળી જતા તેને પણ કડું માથામાં મારતા માથામાંથી લોહીની ધારાઓ વહેવા લાગી હતી. બાદમાં ઈજાગ્રસ્તો સરકારી હોસ્પિટલમાં સારવાર માટે આવતા ત્યાં કિશોરભાઈએ પાંચેય શખ્સો સામે તાલુકા પોલીસમાં ફરીયાદ નોંધાવી હતી.

# કાલાવડ રોડ પર રહેતાં શખ્સે કૌટુંબિક બહેનનું અપહરણ કરી દુષ્કર્મ આચર્યાની ફરિયાદ

## લગ્નની લાલચ આપી નરાધમ સગીરાનું કારમાં અપહરણ કરી ગયો'તોઃ ગાંધીગ્રામ પોલીસમાં ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભાઈ બહેનના પવિત્ર સબંધને લાંછન લગાવતો કિસ્સો સામે આવ્યો છે. જેમાં કૌટુંબીક ભાઈએ ૧૫ વર્ષીય બહેનને લગ્નની લાલચ આપી તેનું કારમાં અપહરણ કરી દુષ્કર્મ ગુજારી તેના પર સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય આચર્યું હતું. આ ઘટનાની જાણ સગીરાના પરિવારને થતાં તેમણે ગાંધીગ્રામ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

આ અંગેની માહિતી મુજબ બનાવની મળતી માહિતી મુજબ રાજકોટમાં રહેતા પિતાએ પોતાની ૧૫ વર્ષીય દીકરી પર દુષ્કર્મ ગુજારનાર આરોપી દીપક ઓમપ્રકાશ પ્રજાપતી (રહે. પ્રેમ મંદીર પાસે કાલાવડ રોડ)નું નામ આપતા જણાવ્યું હતું કે, તેમની ૧૫ વર્ષીય સગીરવયની પુત્રીને તેના કૌટુંબિક ભાઈના દીકરા દીપકે લગ્ન કરવાની લાલચ આપી તેને પ્રેમજાળમાં ફસાવી હતી અને તેના ઘરે થસી જઈ દીપકે સગીરાના પિતા તથા મામાને જાનથી મારી નાખવાની ધમકી આપી ગાળો આપી સગીરા પર બળજબરીથી દુષ્કર્મ ગુજાર્યું હતું અને તેના પર સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય આચર્યું હતું અને ત્યાર બાદ તેનું કારમાં અપહરણ કરી જઈ યુનિવર્સિટી રોડ ઉપર કોઈ અવાવરૂ જગ્યાએ કાર ઉભી રાખી કારમા તેના પર ફરી એકવાર દુષ્કર્મ ગુજાર્યું હતું. અને સગીરાએ વિરોધ કરતાં નરાધમે મારી નાખવાની ધમકી આપી હતી.જેથી આ ઘટનાની જાણ પરિવારને થતાં પરિવાર ગાંધીગ્રામ પોલીસ દોડી ગયો હતો અને કઈ બી.બી.જાડેજાએ સગીરના પિતાની ફરિયાદ પરથી દીપક સામે ગુનો નોંધયો હતો અને તપાસમાં જાણવા મળ્યું હતું કે, આરોપી દિપક કાલાવડ રોડ પર ખાણીપીણીની લારી ધરાવે છે. હાલ પીઆઈ દ્વારા તેની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

# દુકાનદાર સોમનાથ ફરવા ગયા બાદ નોકરે કર્યો રૂા.૪.૭૭ લાખનો હાથફેરો

## વિશ્વકર્મા સોસાયટીના યુવાને દુકાનમાં કામ કરતા શખ્સ સામે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં સાધુ વાસાણી રોડ ઉપર વિશ્વકર્મા સોસાયટીમાં રહેતા અને પુષ્કરધામમાં મોબાઈલની દુકાન ધરાવતા સંકેત ભરતભાઈ વ્યાસએ દુકાનમાં કામ કરતા કર્મચારીએ ૪.૭૭ લાખની છેતરપીં ડી કર્યાની ફરિયાદ નોંધાવી છે.

આ અંગેની માહિતી મુજબ રાજકોટમાં સાધુ વાસાણી રોડ ઉપર વિશ્વકર્મા સોસાયટીમાં રહેતા અને પુષ્કરધામમાં મોબાઈલની દુકાન ધરાવતા સંકેત ભરતભાઈ વ્યાસની દુકાનમાં મૂળ જેતપુરના વતની અને હાલ રાજકોટમાં રહેતો શૈલેષ ખીલોસીયા નામનો યુવાન નોકરી કરતો હતો ગત.તા. ૭ ના સંકેતભાઈ પરિવાર સાથે સોમનાથ ફરવા ગયા હતા ત્યારે આરોપીને દુકાનની ચાવી આપી બે દિવસ દુકાન સંભાળવા આપેલ હતી. બાદ પરત રાજકોટ આવી શૈલેષને ફોન કરતા તે જેતપુર ગયો હોવાનું જણાવ્યું હતું. બીજા દિવસે ફરિયાદી સંકેતભાઈએ દુકાન ખોલતા આઈફોન, વિવિધ એપલની ઘડિયાળ નંગ-૨૪, એપોડ નંગ ૧૬, એરપોડ-પ્રો નંગ-૧૨ તેમજ અન્ય કંપનીની ઘડિયાળ નંગ ૧૭ મળી કિંમત રૂપિયા ૪.૭૭ લાખનો સામાન જોવા ન મળતા ફરી શૈલેષને ફોન કરતા તેનો ફોન બંધ આવેલ જેથી દુકાનદાર સાથે કર્મચારીએ છેતરપિંડી કર્યાની યુનિવર્સિટી પોલીસમાં ફરિયાદ નોંધાતા પીએસઆઈ બી.આર.ભરવાડએ વધુ તપાસ હાથ ધરી આરોપીની શોધખોળ શરૂ કરી હતી.

# રાજકોટના વેપારીની રૂા.૨૭ લાખની ચાંદી જાંબુઆ ચેકપોસ્ટ પર ઝડપાઈ

## પોલીસના ચેકીંગ દરમ્યાન ૭૨ કિલો ચાંદી મળી આવતા બસના ડ્રાઈવરનું નિવેદન લેવાયુંઃ ઈન્દોરના વેપારીને ચાંદી પહોંચાડવાની હતી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોકસભાની ચૂંટણી અનુલક્ષીને ગુજરાત મધ્યપ્રદેશ ઇન્ટીગ્રેટેડ સંયુક્ત પોસ્ટ ઉપર એફ.એસ.ટી./ એસ.એસ.ટી. તેમજ તયઝાબુવા પોલીસની સંયુક્ત ચેકિંગ દરમિયાન રાજકોટ થી ઇન્દોર તરફ જતી ખાનગી લક્ઝરી બસમાંથી રૂા. ૨૭ લાખ ઉપરાંત કિંમતની ૭૨ કિલો જેટલી ચાંદીના દાગીના ચેકિંગ કરનાર ટીમને મળી આવતા ઉપરાંત બનાવનાર ઝાબુવા પોલીસે લક્ઝરી બસના ચાલકના નિવેદનના આધારે ચાંદીના દાગીના જપ્ત કર્યા હોવાનું જાણવા મળે છે.

ગુજરાત મધ્યપ્રદેશને જોડતી પીટોલ ચેકપોસ્ટ ઉપર ગતરોજ ઝાબુઆ પોલીસ અધિક્ષક પદ્મવિલોપન શુક્લભ તેમજ કલેકટર નેહા મીણીના નિર્દેશનમાં એફ.એસ.ટી./તેમજ સ્થાનિક પોલીસ દ્વારા અવર-જવર કરતા વાહનોની ચેકિંગ કરી રહ્યા હતા તે દરમિયાન રાત્રિના ત્રણ વાગ્યાના આસપાસ રાજકોટ થી આવતી અને ઇન્દોર તરફ જતી મહીસાગર લક્ઝરી બસને રોકી ચેકિંગ હાથ ધરતા લક્ઝરી બસની ડીકીમાં કંતાનના થેલા માંથી ચાંદીના દાગીના મળી આવતા ઉપરોક્ત ટીમો પણ ચોકી ઉઠી હતી ત્યારબાદ સંબંધીત વિભાગના અધિકારીઓને જાણ કરી તમામ મુદ્દામાલની ગણતરી કરતા આખરે બે કલાકની જેહમત બાદ રાજકોટથી ઇન્દોર જતી બસમાંથી રૂપિયા ૨૭.૫૬ લાખ ઉપરાંત કિંમતની ૭૨ કિલો ચાંદી મળી આવતા પોલીસે લક્ઝરી બસના ચાલક, અરશીભાઈ સવદાસ આહીર (રહે. જુનાગઢ) ની પૂછપરછ કરતા જાણવા મળ્યું હતું કે આ ચાંદીના દાગીના રાજકોટ થી કોઈ વેપારીએ ઇન્દોરના કોઈ વેપારી માટે મોકલ્યા હતા. ચાંદીના દાગીના જપ્ત કરાયા હતા. ઝાબુઆ બોલો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઈટાલી અભ્યાસ માટે વિઝા અપાવવાના બહાને સુરતના શખ્સે યુવાન સાથે કરી રૂા.૧.૨૫ લાખની ઠગાઈ

## મુંબઈ ત્રણવાર ધકકા ખવડાવ્યા બાદ વિઝા બાબતે શખ્સે હાથ ઉંચા કરી દીધા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના યુવક પાસેથી અભ્યાસ માટે ઇટાલી જવાનું હતું. સુરતના એજન્ટે રૂ.૧.૨૫ લાખ પડાવ્યા હતા બાદમાં પોતાની કામગીરીમાં લાપરવાહી દાખવતાં યુવકના વિઝા રદ થયા હતા. આ અંગે પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

આ અંગેની માહિતી મુજબ પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ પંચાયત ચોક પાસેની ગુંજન વૃંદાવન સોસાયટીમાં રહેતા ક્ષિતિજ આનંદકુમાર પરમારે (ઉ.વ.૨૩) યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે સુરત રહેતા અને સ્ટુડન્ટ વિઝાનું કામ કરતાં સત્યદેવ વર્માનું નામ આપ્યું હતું. ક્ષિતિજ પરમારે ફરિયાદમાં જણાવ્યું હતું કે, માસ્ટર ડિગ્રી કરવા તેણે ઇટાર્લી જવાનું હોય મિત્રો મારફત સુરતના એજન્ટ સત્યદેવ વર્માનો સંપર્ક થયો હતો. સત્યદેવ વર્મા ઇટાલીના વિઝા અને કોલેજમાં એડમિશન કરાવી આપવા સહિતની ખાતરી આપી હતી અને તેના બદલામાં રૂ.૧.૨૫ લાખનો ખર્ચ થશે તેમ કહ્યું હતું. ક્ષિતિજ પરમાર તે માટે તૈયાર થઇ ગયો હતો, અને સત્યદેવ વર્માના કહેવા મુજબ પોતાના તમામ ડોક્યુમેન્ટ વર્માને મોકલી આપ્યા હતા, બાદમાં સત્યદેવે અલગ અલગ ચાર્જના નામે રૂ.૧.૨૫ લાખ મેળવી લીધા હતા, બાદમાં ક્ષિતિજ તરફથી વિઝા અંગે પૃચ્છા થતી ત્યારે સત્યદેવ વર્મા અલગ અલગ ડોક્યુમેન્ટ મગાવતો હતો, કોલલેટર ઉપરાંત યુવકને જરૂરી નહોતી તેવી પરીક્ષા પણ અપાવી હતી, ત્યારબાદ મુંબઈ વિઝા માટે જવાનું કહેવામાં આવતા યુવક ત્યાં પહોંચ્યો ત્યારે સત્યદેવે પૂરતા ડોક્યુમેન્ટ તૈયાર નહીં કર્યા હોવાથી યુવકને ધક્કા થયા હતા અને અંતે ક્ષિતિજના વિઝા રદ થયા હતા, એજન્ટે આપેલા ત્રાસ અને કરેલી છેતરપિંડી અંગે અંતે ફરિયાદ કરી હતી. પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરવાની કવાયત શરૂ કરી છે.